નવેમ્બર ૨૦૧૯

# દાદાવાણી

મહાવિદેહ ક્ષેત્રમાં
સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે,
તે એમની મૂર્તિ અહીં મૂકવાની છે.
જીવતાની મૂર્તિ હોય એ કેટલું બધું ફળ આપે !
સીમંધર સ્વામીનું મંદિર એ અમૂર્તનું મંદિર છે.



વર્ષ : ૨૫, અંક : ૩
સળંગ અંક : ૨૯૧
**નવેમ્બર ૨૦૧૯**
પાનાં : ૩૬

**Editor : Dimple Mehta**
© 2019,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## મૂર્તિના દર્શન થકી અમૂર્તની ઓળખ

ભગવાન ઋષભદેવના સમય પછી આખા અવસર્પિણીકાળ દરમ્યાન અત્યાર સુધી લોકો મતાર્થમાં ચાલ્યા. ભગવાન મહાવીરનું શાસન છે ત્યાં સુધી જ ધર્મ છે. પછી તો ધર્મનો અંશ પણ રહેવાનો નથી. મંદિર, શાસ્ત્રો કશું જ રહેવાનું નથી. માટે અઢાર હજાર વર્ષ દરમ્યાન જો ચેતી જાય અને મતાર્થમાંથી છૂટી જાય તો ઋષભદેવ ભગવાન જેવું નિષ્પક્ષપાતી વલણ ફરી આવે, તો લોકોનું કલ્યાણ થાય.

આ મતાર્થ ટાળવા પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ જગત કલ્યાણના મહાન યજ્ઞમાં એક ક્રાંતિકારી પગલું ભર્યું. ધર્મમાં મતભેદ મટે તે માટે હિન્દુસ્તાનમાં મુખ્ય ત્રણ સંપ્રદાયોના મંત્રોને એકીકરણ કર્યું, જોડે જોડે ભવ્ય ત્રિમંદિરની સ્થાપના કરી મતભેદની દ્રષ્ટિ નિર્મૂળ કરી દીધી. જેમાં એક બાજુ શ્રી કૃષ્ણ ભગવાન અને બીજી બાજુ શિવ ભગવાન ને વચ્ચે વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી. આ ત્રિમંદિરમાં દરેક સંપ્રદાયના લોકો કોઈ જાતિ-જ્ઞાતિના ભેદભાવ વગર અંદર પ્રવેશી શકે છે, મંદિરમાં આવનાર દરેકને એવું લાગવું જોઈએ કે આ મારા જ ભગવાન છે. લોકોને નિષ્પક્ષપાતી બનાવી, આત્માર્થે વાળવા કાજ જ ત્રિમંદિરની રચના એ શ્રી સીમંધર સ્વામીનો સંકેત છે.

મંદિરોનું વિજ્ઞાન સમજાવતા દાદાશ્રી કહે છે કે આ મૂર્તિ શાથી મૂકી છે ? એની પાછળ તો પ્રાર્થના છે ભગવાનને, કે સાહેબ, તમે સનાતન સુખવાળા છો ને હું તો ટેમ્પરરી સુખવાળો છું. મારેય સનાતન સુખની ઈચ્છા છે. ખરા ભગવાન તો પોતાની મહીં જ છે. એમને જ ખોળવાના છે પણ તેનું ભાન નથી તેથી તો જ્ઞાનીએ બહાર મૂર્તિ મૂકી, જેથી મૂર્તિરૂપે ભગવાનના દર્શન કરે. રિયલનું ભાન નથી એટલે રિલેટિવમાં ભાન થાય અને ત્યાંથી રિયલમાં આવે.

હવે જ્ઞાન લીધા પછી મહાત્માઓને પાંચ આજ્ઞા પાલનની સાથે સાથે પ્રત્યક્ષ-પ્રગટ તીર્થંકર ભગવંત શ્રી સીમંધર સ્વામી પ્રત્યે અનન્ય ભક્તિ ઉદ્ભવી તેમનું અનુસંધાન કરી, મહાવિદેહ ક્ષેત્રમાં તેમનું અનન્ય શરણું પ્રાપ્ત કરવાનો અંતિમ ધ્યેય હોવો ઘટે. જે દિવસે ઘેર-ઘેર સીમંધર સ્વામીના ગુણગાન ગવાશે, હૃદયપૂર્વક ભક્તિ થશે, ઠેર ઠેર સીમંધર સ્વામીના મંદિરો બંધાશે ત્યારે હિન્દુસ્તાનનો નકશો કંઈ ઓર જ હશે !

દાદાશ્રી કહેતા કે મને તો મોક્ષ મળી ગયો છે છતાંય હું સીમંધર સ્વામી પાસે બેસી રહું છું. એ જ બતાવે છે કે પ્રત્યક્ષ ભગવાનની ભજનાનું મહત્વ કેટલું છે ! આપણને પુણ્યના યોગે જ્ઞાન સહિત તીર્થંકર ભગવાનની ભક્તિનો સુમેળ પ્રાપ્ત થયો છે, ત્યારે પ્રમાદ ના સેવતા ઉપયોગપૂર્વક પુરુષાર્થ આદરી, હવે પછીના ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીના દર્શનના કારણો અહીં જ સેવીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# મૂર્તિના દર્શન થકી અમૂર્તની ઓળખ

## હિન્દુસ્તાનનું વૈજ્ઞાનિક સાધન - 'મૂર્તિ'

**પ્રશ્નકર્તા :** દાદા, મૂર્તિપૂજા વિશે આપનું શું કહેવું છે ?

**દાદાશ્રી :** મૂર્તિપૂજા એ હિન્દુસ્તાનનું વૈજ્ઞાનિક સાધન છે. આખું જગતેય મૂર્તિ પૂજામાં છે, પણ મૂર્તિ આમ મોંઢાવાળી ના મૂકે, અને બીજું ચણતર કરેલું હોય. આ મુસલમાનો ગોખલો કરે એક મોટો, ગોખલા સામું કર્યા કરે. એટલે કોઈ વસ્તુના સામું કર્યા કરે, આ બધું. મૂર્ત વસ્તુઓ, આંખેથી દેખાય એ બધી મૂર્તિ. આ આંખે જે દેખાય, કાને જે સંભળાય એ બધી મૂર્તિ કહેવાય. આપણા લોકોએ કોઈ સારા પુરુષ થયેલા, તે લોકોને છે તે બેસાડેલા. મહાવીર ભગવાન થયેલા, કૃષ્ણ ભગવાન થયેલા, એમને બેસાડેલા.

મૂર્તિ એ માર્ગ છે. હિન્દુસ્તાનના લોકોને મૂર્તિની બહુ જરૂર. એનું કારણ શું ? આ અહીંથી આખું છે તે ક્રોસ કરીને પેલા રોડ ઉપર જઈએ, હાઈવે ઉપર, અને વચ્ચે કંઈ મંદિર - બંદિર આવે નહીં તો આપણા લોકો અહીંથી ચાલે તે ઠેઠ ત્યાં સુધી જાય પણ ભગવાન યાદ ના આવે. વચ્ચે મંદિર કે દેરાસર કશું, મૂર્તિ-બૂર્તિ આવે તો પગે લાગે. જ્યાં કંઈ દેખે, મંદિર આવે કે ભગવાન યાદ આવે. એટલે આ લોકોને યાદ લાવવા માટે આ બધી વ્યવસ્થા છે. એટલે આ મોટામાં મોટું વિજ્ઞાન છે આપણું. એ પરોક્ષ ભક્તિ કહેવાય છે. તમે મૂર્તિના દર્શન કરો ને, તે અમૂર્તને પહોંચે છે. કોને પહોંચે છે?

**પ્રશ્નકર્તા :** અમૂર્તને પહોંચે છે.

**દાદાશ્રી :** હા, કારણ કે મૂર્તિ સ્વીકારતી જ નથી. મૂર્તિ તો પોતે વીતરાગ, એ લેય નહીં ને દેય નહીં. એ જેનું હોય તેને ત્યાં મોકલી આપે. એટલે આ મૂર્તિપૂજા એને હેલ્પ કરે છે.

## આપણા સાયન્ટિસ્ટોની શોધખોળ

**પ્રશ્નકર્તા :** (આ મૂર્તિને નવડાવે-ધોવડાવે એ જડ ક્રિયા નથી ? એનો અર્થ શું ?)

**દાદાશ્રી :** મૂર્તિને નવડાવે-ધોવડાવે, મૂર્તિને પાછા કપડાં પહેરાવે. આ ફોરેનના સાયન્ટિસ્ટો જુએને ત્યારે કહેશે, 'આ મેડ-મેન્ટલ લોક છે !' આ મૂર્તિને શું કરવા નવડાવે છે ? એનો અર્થ જ શું ? મિનિંગલેસ. અને કપડાં પહેરાવે છે. ત્યારે આપણા સાયન્ટિસ્ટોએ શું શોધખોળ કરી ? આ બીજી જગ્યાએ એનું ચિત્ત ઠેકાણે નહીં રહે, ચિત્ત અવળી જગ્યાએ જશે તેના કરતા સવળી જગ્યાએ રાખો. આપણા સાયન્ટિસ્ટોની શોધખોળ છે આ. આ ફોરેનના લોકોને સમજાય નહીં. કારણ કે બીજી જગ્યાએ, અવળી જગ્યાએ જતું રહેશે, જો સવળી જગ્યાએ નહીં આપો તો. એટલે આ મૂર્તિને નવડાવે-ધોવડાવે, એને કપડાં પહેરાવે, એને આમ કરાવે, તેમ કરાવે.

એટલે એ ક્રિયા વૈજ્ઞાનિક છે બધી ! પદ્ધત આપણી વૈજ્ઞાનિક, પણ અત્યારે બગડી ગયેલી છે. અત્યારે એ છે તે સડી ગયેલી છે, મૂળ સ્થિતિમાં નથી. એટલે લાભ જેવો જોઈએ એવો મળતો નથી. કારણ કે એ લોકો તેમાં આગ્રહી થઈ ગયા. એકલા આગ્રહી નહીં, દુરાગ્રહી થઈ ગયા. દુરાગ્રહી, મતાગ્રહી, કદાગ્રહી, હઠાગ્રહી, બધું આવું થયું એટલે પોઈઝન થઈ ગયું ઊલટું. હવે એના કરતા છોડી દે તો સારું. જે સારી વસ્તુ હોય એની પર આગ્રહ કરે ને, એટલે પોઈઝન થઈ જાય.

મૂર્તિ એક મોટું સાયન્સ છે આપણું, વિજ્ઞાન છે આ હિન્દુસ્તાનનું.

## તૂટે આમ મોહની સંકલના

**પ્રશ્નકર્તા :** દાદા, આ મૂર્તિ વિજ્ઞાનનું વૈજ્ઞાનિક કારણ છે, તે એના વિશે થોડુંક સમજાવો.

**દાદાશ્રી :** મૂર્તિના અવલંબન લેવાથી નરમ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** નરમ થઈ જાય ?

**દાદાશ્રી :** હા, મૂર્તિ આપણું સાયન્ટિફિક રિઝલ્ટ (વૈજ્ઞાનિક પરિણામ) છે. સાયન્ટિફિક રિઝલ્ટ એટલે શું, કે આ મનુષ્યોને જો કદી દેરાસર, મૂર્તિઓ-બૂર્તિઓ ના હોત, તો મનુષ્ય એટલો બધો મોહમાં વિચર્યા કરત, એને આ યાદ જ ના આવે ને ! મંદિર દેખે છે કે એને ભગવાન યાદ આવે છે. આપણે અહીં તો થોડે થોડે છેટે મંદિર આવે ને, તો ભગવાન યાદ આવે પછી.

એક માણસ મને કહે છે કે આ હિન્દુસ્તાનમાં આ નર્યા મંદિર જ છે. આ પોળમાં તો બે મંદિર છે. શી જરૂર ? એક આખા શહેરમાં એક મંદિર જોઈએ. ત્યારે મેં એને સમજણ પાડી કે લોકોને તો તું પૂછ. લોક એટલા બધા મોહી છે, એટલા બધા મોહી છે, શેમાં મોહ છે એમને ? કષાયોમાં છે.

આ હિન્દુસ્તાનના લોકો પુનર્જન્મને સમજતા થયા છે. માટે એ ક્રોધ-માન-માયા-લોભમાં જ રહે છે, આમનો મુકામ જ ક્યાં છે ? ક્રોધ-માન-માયા-લોભમાં જ આમનો મુકામ હોય છે. અને ફૉરેનવાળા ક્રોધ-માન-માયા-લોભમાં નહીં, વિષયોમાં જ રમણતા એમની ! જ્યારે આપણા લોકોને વિષયોમાં મોહ નથી. શાના મોહ છે ?

**પ્રશ્નકર્તા :** કષાયોના.

**દાદાશ્રી :** માન-તાન, હું મોટો ને હું આવો ને તેવો ! એટલા બધા મોહી છે કે અહીંથી બે માઈલ ચાલ્યા ત્યાં સુધી એને ભગવાન યાદ નહીં આવે. અને જ્યાં એ મંદિર દેખશે, ત્યાં પગે લાગે, 'ભગવાન' ! તમને લાગે છે કે આ લોકો મંદિર દેખીને તરત જાગૃતિમાં આવી જાય છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ના આવે ?

**પ્રશ્નકર્તા :** દેખીને જાગૃતિમાં ન આવે.

**દાદાશ્રી :** આ તો દેખે તો ત્યાં જાગૃતિમાં આવી જાય છે.

**પ્રશ્નકર્તા :** પણ એ તો એટલા જાગૃત કે આ ભગવાન આગળ આવ્યા છીએ તો આપણે દર્શન કરવાની એક ક્રિયાનો, કર્મકાંડનો ભાવ છે માત્ર.

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ ભલે જાગૃતિ ના હોય, પણ પેલું તો હપૂચું જ એમ ને એમ ભગવાનને સંભારતો જ નથી. તે આ મંદિર જોવાથી એને યાદ આવે છે કે ભગવાન છે.

**પ્રશ્નકર્તા :** એટલો આંશિક રૂપે જાગ્રત થઈ જાય.

**દાદાશ્રી :** એટલે એટલી મોહની એ ભૂમિકા તૂટી જાય છે. એટલે આખી સંકલના તૂટી જાય છે એનાથી. જે આખી મોહની સંકલના છે, એ બે કકડા થાય છે. એટલે બહુ જરૂરિયાત છે આ તો નીચલા સ્ટેજમાં ભગવાને કહ્યું'તું કે જ્યાં સુધી અમૂર્તના દર્શન ન થાય, ત્યાં સુધી મૂર્તિ છોડીશ નહીં.

એટલે આ બધું વૈજ્ઞાનિક ઢબ છે. જે કપડાં-બપડાં પહેરાવે છે તેય વૈજ્ઞાનિક ઢબ છે. ના કહેવાય આવું બધું કે આ ખોટું છે એવું.

## મૂર્તિને જડ ના મનાય

**પ્રશ્નકર્તા :** એવું કહ્યું છે કે અજીવને જીવ માનીએ તો મિથ્યાત્વી કહેવાય. આ મૂર્તિ તો અજીવ છે. એટલે એને છે તો આપણે જીવ માનીએ તો મિથ્યાત્વી ના કહેવાય ?

**દાદાશ્રી :** મૂર્તિ જો અજીવ લાગતી હોય તો પગે લાગવાનું બંધ કરી દો. મારું કહેવાનું મૂર્તિ જો અજીવ લાગતી હોય, તો તમે દર્શન કરવાનું

બંધ કરો, પણ એવું ના બોલો કે મૂર્તિ એ જડ છે, નહીં તો નર્કમાં જશો.

તમારે મૂર્તિને ના માનવી હોય તો વાંધો નથી. મૂર્તિ એવું તમને કહેતી નથી કે તમે મારે ત્યાં દર્શન કરવા આવો. તમને એની પર વિશ્વાસ ન બેસતો હોય, તમને શ્રદ્ધા ન આવતી હોય, તો તમે એના સંબંધી બીજું વર્ણન બોલશો નહીં.

જડ કોઈને કહેવાય નહીં, મોટો ભયંકર દોષ બેસે. અનંત અવતારનું જડપણું નહીં જાય ને પાંચસો-પાંચસો વર્ષ છે તે રાયણના ઝાડમાં રહેવું પડશે ! માટે ચેતો.

## મૂર્તિ ધર્મ : અમૂર્ત ધર્મ

એક સંપ્રદાયના મહારાજ મળ્યા હતા. તેમને મેં કહ્યું, ''મહારાજ એક વાત કરું ? તમને ગમશે ? તમને ના ગમે એવી વાત કરું ? તમે આ ત્યાગી થયા છો તો ના ગમતી વાત સાંભળવાની શક્તિ ઉત્પન્ન થઈ છે તમને ?'' ત્યારે મહારાજે કહ્યું, ''કહો ને વાત ! વાતમાં શો વાંધો છે ?'' એટલે પછી મેં મહારાજને કહ્યું, ''મહારાજ, કષાય ગયા પછી તમે મૂર્તિ છોડી શકો. તમે મૂર્તિને જડ કહો છો, તે મૂર્તિને જડ કહેવાય નહીં. આ તમે બધાય જડ જ છો ને ? ચેતનને જાણ્યું નથી, ચેતનને ઓળખતા નથી. પછી રહ્યું શું ? આ તમે ચેતન ક્યાં જોયું, તે મને તમે કહો. અમૂર્તને ઓળખ્યા નથી ત્યાં સુધી તમેય મૂર્તિ જ છો ને ! આ નવકાર મંત્ર મૂર્તિ છે. આ તમે બોલો છો એ મૂર્તિ છે ને તમેય મૂર્તિ છો !''

મૂર્તિ એ તો પરોક્ષ પ્રમાણ છે, પરોક્ષ ભજના છે. જ્યાં સુધી મૂર્તમાં વસ્યા છે ત્યાં સુધી મૂર્તિને ભજો. અમૂર્ત પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી મૂર્તિને જડ કહેવાય નહીં. જે જે આંખે દેખાય એ બધી મૂર્તિઓ. જગતમાં મૂર્ત બધું દેખાય, અમૂર્ત કશું દેખાય નહીં.

મહારાજને કહ્યું, ''તમને ક્યાં આગળ ચેતન દેખાય છે કે આને જડ કહો છો ? તમને ખોટું લાગતું હોય તો મહારાજ મારી વાત બંધ કરી દઉં.'' ત્યારે મહારાજ કહે, ''ના, ખોટું નથી લાગતું. પણ આ અમારો સિદ્ધાંત અમે આવો રાખ્યો છે ને !'' ત્યારે મેં કહ્યું, ''મહારાજ, તમારો સિદ્ધાંત તમે રાખો, પણ લોકોને શું કરવા ઉપદેશ આપો છો આવો ? તમારો સિદ્ધાંત હોય તો તમે સ્વતંત્ર રીતે તમારી પાસે રાખો, પણ લોકોને આવો ઉપદેશ શા માટે આપો છો ? લોકોને કંઈ રસ્તે ચઢવા દો. અનંત ચોવીશી ગઈ તોય મૂર્તિઓ મૂકાયેલી હતી પહેલીથી જ, કારણ કે બાળજીવો ક્યાં જશે ? મૂર્તિ એ બાળજીવો માટે છે. જેને સમજણ નથી તેવા બાળજીવો માટે છે, એ જ્ઞાનજીવો માટે નથી. મૂર્તિથી તો ચિત્ત એકાગ્ર થાય છે. મૂર્તિ તો વીતરાગ ભગવાનની છે અને એ લોકમાન્ય છે સાથે એની ઉપર શાસનદેવતાનું જબરજસ્ત બળ છે. એ શાસનદેવ રક્ષણ કરનાર છે. એની ઉપર આંગળી કરવા જેવું નથી. ભગવાનની મહીં સ્થાપના છે.'' પછી કોઈ મહાવીરનું ફક્ત નામ જ દે તો પણ ઘણું છે, કારણ કે વીતરાગ ભગવાનનું નામ છે. કોઈ માણસનું નામ દે એના કરતાં તો ભગવાનનું નામ એ તો સારું જ ને ! નામ સાથે ભગવાન કોણ છે, કેવા છે, તે જાણે. આગળના એક આચાર્યે કાળની વિચિત્રતાને લઈને લોકોનું ગુરુ પ્રત્યેનું મહાત્મય ઘટતું જતું હતું ને મૂર્તિ પર વધતું જતું હતું, તે ગુરુનું મહાત્મય વધારવા સમજાવવા ગયા કે જે લોકોને મૂર્તિમાં એકાગ્રતાનું ધ્યાન બેઠું છે એ ભલે સ્થાપનામાં રહે અને ગુરુ પાસે રહે. પણ આ તો મૂર્તિનું આખું ઊડી ગયું ને માત્ર ગુરુ પૂજવાનો ધર્મનો પંથ પડી ગયો.

એય 'જડનો વરઘોડો કાઢ્યો' એવું તે કહેવાતું હશે ? જે મૂર્તિની ઉપર લોકોને જબરજસ્ત પૂજ્યભાવ છે, એની ઉપર તિરસ્કાર તે કરાતો હશે ? પણ ગુરુની જાગૃતિ માટે તમારે મૂર્તિ ખસેડવી

પડી. પણ જેને મૂર્તિની ઉપર એકાગ્રતા નથી થઈ, એના માટે તો મૂર્તિ જ બરોબર છે. જેણે અમૂર્તને જાણ્યો નથી, અમૂર્તને જોયો નથી, અમૂર્ત સાંભળ્યો પણ નથી, અમૂર્ત એના ભાનમાં પણ નથી, એ માણસો ક્યાં જશે ? એ બાળજીવો ક્યાં જશે ?

'મહારાજ, આ મૂર્તિને તમે જડ કહો છો તો મને તમે જોયું હોય તેવું એક ચેતન બતાવો. તમે ચેતન ક્યાં જોયું તે મૂર્તિને જડ કહો છો ? તમે પોતે જ જડ છો ને ! તમે પોતે જ મીકેનિકલ આત્મા છો.' મહારાજ કહે, 'ગુરુ એ તો ચેતન કહેવાય ને ?' મેં કહ્યું, 'ના, આ પાંચ ઈન્દ્રિયથી જે જે દેખાય છે, સંભળાય છે એ બધું અચેતન જ છે. આ વીતરાગ ભગવાનની મૂર્તિ ઉપર તો લોકોના કેવા ગજબના ભાવ હોય છે ! માટે તેને દ્વેષથી ના જોશો. મહારાજ કહે, 'પણ અમારો સિદ્ધાંત મૂર્તિને માનતો નથી.' મેં કહ્યું, 'મહારાજ, જરા વિચારજો. મારી વાત ખોટી હોય તો હું વાતને સ્વીકારી લઉં છું. તમને દુઃખ થતું હોય તો પ્રતિક્રમણ કરીએ છીએ તમારું, પણ કંઈક વિચારો. આ બાળજીવોને પાછળ તો સારી રીતે ચાલવા દો. તમને જે અનુકૂળ આવે તેમ કરો.' મહારાજ કહે, 'મને તમારી વાત માન્યામાં નથી આવતી.' મેં કહ્યું, ''મહારાજ, મારી વાત તમને શી રીતે માન્યામાં આવે ? મારી વાત ખોટી હશે એવું તમને લાગે એ વાત હુંયે કબૂલ કરું છું. કારણ કે જે માણસ જે વસ્તુ કરતો હોય તેને તે સાચી જ લાગે. ખાટકી હોય તેને એ કરતો હોય એમાં 'પાપ છે' એવું ના લાગે. કારણ કે જે કાર્ય કરે તેનું આવરણ આવી જાય, તેમાં સત્-અસત્નો વિવેક જતો રહે. પછી શું થાય ? જ્યાં સત્-અસત્નો વિવેક જતો રહે, પછી ગમે તેટલું કરવાથી લાખ અવતારેય સત્ય નહીં સમજાય.''

આ લોકોએ મૂર્તિને કેમ ખસેડી ? મૂર્તિને ભજવાથી પ્રમાદ આવી જાય છે. મૂર્તિ તો વઢે નહીં ને ! મૂર્તિ એમ તો ના કહે ને કે તમે સામાયિક કેમ ના કરી ? ને ગુરુ હોય તો વઢે તો ખરા. પણ આ તો અનર્થ થયો ને મૂર્તિને જડ કહેવા માંડ્યું ! મૂર્તિ, મંદિરો બધાની જરૂર છે. જ્યાં સુધી અમૂર્ત ના મળે ત્યાં સુધી આ દોરી છોડાય નહીં. આ મૂર્તિ હોય તો મંદિર હોય ને મંદિર થાય તો એને પૂજારી-બૂજારી બધું મળી રહે.

ભગવાને કહ્યું છે કે જ્યાં સુધી આર્તધ્યાન ને રૌદ્રધ્યાન હોય ત્યાં સુધી મૂર્તિના દર્શન કરજો. કારણ કે ત્યાં સુધી અમૂર્તના દર્શન થાય નહીં, અમૂર્ત એવા ભગવાનનું દર્શન, શુદ્ધાત્માનું દર્શન થાય નહીં.

**પ્રશ્નકર્તા :** આ મૂર્તિ એ તો પથ્થર છે, એના દર્શનથી શું મળે ?

**દાદાશ્રી :** એ પણ બીજા લોકોને કામના છે ને ! એકાંતિક દૃષ્ટિ નહીં કરવાનું ભગવાને કહેલું. સામુદાયિક દૃષ્ટિ રાખો. અનેકાંત એટલે નાનું બાળક નાગું ફરે તો તેને કોઈ વઢે નહીં, તેને કોઈ ઠપકો ના આપે અને પચાસ વર્ષનો નાગો ફરતો હોય તો ઠપકો આપે. ત્યારે પચાસ વર્ષનો કહે, 'મને કેમ ઠપકો આપો છો ને આ નાના છોકરાને કેમ ઠપકો આપતા નથી ?' ત્યારે આપણે તેને કહીએ, 'અરે ભાઈ, તારી ઉંમર વધારે થયેલી છે. આ નાના છોકરાંની ઉંમરના પ્રમાણમાં એનો ધર્મ બરોબર છે અને તારી ઉંમરના પ્રમાણમા તારો ધર્મ ખોટો છે.' એવી રીતે બધાને સામુદાયિક રીતે જોવું જરૂરી છે.

અમુક લોકો કહે છે કે 'આ લોકો જડ મૂર્તિને પૂજે છે,' પણ તે મૂઆ કહેનારા પોતે જ જડ છે તેનું જ તેમને ભાન નથી. આત્મા જેને જડ્યો નથી તે બધા જ જડ છે. મૂર્તિ તો આત્મા ખોળવા માટે છે. મૂર્તિ એ પથરો નથી, એ મહાવીર છે, પાર્શ્વનાથ છે.

## ડેવલપમેન્ટના પ્રવાહમાં મૂર્તિ ભજના

આખી દુનિયા મૂર્તિ ભજે છે એવું મેં બધાને કહેલું, તે એનો પુરાવો આપવા તૈયાર છું. આખી દુનિયા મૂર્તિને જ ભજી રહી છે. જો કોઈ માણસ કહે, 'અમે મૂર્તિના વિરોધી છીએ.' એ ખોટી વાત છે. પણ આપણા તીર્થંકરો ભગવાન ! એ તો વાત જ જુદી છે, અજાયબી છે ! જો કદી આવડ્યું તો કામ કાઢી નાખે એવું છે બધું ! આપણે દર્શન કરવાના મૂર્તિના... એમને જડ મૂર્તિ માનશો નહીં. અજાયબી મૂર્તિ કહેવાય !

એક માણસ કહે છે, 'આ મૂર્તિઓની જરૂર શું છે ?' ત્યારે મેં એને સમજાવ્યું કે એક માણસ ગ્રેજ્યુએટ થયો, એ એવું કહે કે આ ફસ્ટ સ્ટાન્ડર્ડ, સેકન્ડ સ્ટાન્ડર્ડ, મેટ્રિકને એ બધા ધોરણો કાઢી નાખો. એના જેવું તમે આ મૂર્ખાઈની વાત કરો છો. કારણ કે પાછલાવાળાને મૂર્તિઓ જોઈએ. પહેલા મૂર્તિને ભજે, ધીમે ધીમે એ પ્રગતિ માંડે. ધીમે ધીમે એડવાન્સ થાય. અને પછી અમૂર્તને ભજતો થાય. મૂર્તિમાંથી આગળ વધતો વધતો ડેવલપમેન્ટ થઈ રહ્યો છે નિરંતર.

### શ્રદ્ધા જ ફળ આપે

**પ્રશ્નકર્તા :** મૂર્તિમાં જોવા જેવું શું છે ?

**દાદાશ્રી :** મૂર્તિમાં જોવા જેવું શું છે ? પથ્થર જોવા જેવો છે ? આંખો જોવા જેવી છે ? આ તો આંતરિક ભાવ બેસાડવા માટે છે કે આ ભગવાન મહાવીરની મૂર્તિ ! કેવા હતા ભગવાન મહાવીર ! કેવા વીતરાગી ! અત્યારે તો હવે આંતરિક ભાવ થતા નથી, તે પછી મૂર્તિ પર આંગી કરી ! તે સુંદર આંગીથી ચિત્ત એકાગ્ર થાય; અને તોય ચિત્ત એકાગ્ર ના થાય તો ઘંટ વગાડે કે તેનાથી બહારથી ગીતો આવતા હોય કે લઢવાડ થતી હોય તોય ચિત્ત ત્યાં ના જાય. પાછો ધૂપ સળગાવે, તે સુગંધમાં તન્મયાકાર રહે. આ તો જે તે રસ્તે પાંચ ઈન્દ્રિયને અહીં એકાગ્ર રાખે. તે જે સેકન્ડનો નાનામાં નાનો ભાગ એકાગ્ર રહે, તોય એટલું તો કમાયો ને !

**પ્રશ્નકર્તા :** મૂર્તિ બોલતી નથી, સાંભળતી નથી, જોતી નથી તો પણ આપણે પગે લાગવાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** આપણા બાનો ફોટો હોય, એ કંઈ બોલે છે, સાંભળે છે કશું ? છતાં પણ આપણને અસર કરે છે કે નથી કરતો ? શાથી ?

**પ્રશ્નકર્તા :** એ ખબર છે કે બા છે.

**દાદાશ્રી :** બા છે ને આપણને શ્રદ્ધા છે બા ઉપર, એટલે જે મૂર્તિ ઉપર આપણને શ્રદ્ધા હોય, તે મૂર્તિ અસર કરે. શ્રદ્ધા ના હોય તો ના કરે. એટલે મૂર્તિ કામ નથી કરતી, આપણી શ્રદ્ધા કામ કરે છે. શ્રદ્ધા હોય તો કામનું.

એટલે મૂર્તિ ખોટી નથી. આપણી શ્રદ્ધા ના હોય તેની મૂર્તિ રાખવાનો અર્થ નહીં. શ્રદ્ધા આવતી હોય તો રાખવી.

પછી બીજું શું પૂછે છે ?

**પ્રશ્નકર્તા :** મૂર્તિઓ બધાંની જુદી જુદી કેમ, જ્યારે પરમાત્મા એક જ છે ?

**દાદાશ્રી :** મૂર્તિ એ પરોક્ષ ભજના છે. ખરેખર ભગવાન મહીં છે. તે બહાર મૂર્તિ જુએ એટલે એને ભગવાન યાદ આવે. હવે મૂર્તિ જુદી જુદી કેમ ? કારણ દરેકનું દૃષ્ટિબિંદુ જુદું જુદું છે. જેને જે ગમે તે મૂર્તિને ભજે. તેમાંય જો કોઈકને શ્રીનાથજીની બાધા ફળે તો એમની પર શ્રદ્ધા આખી જિંદગી માટે બેસી જાય.

**પ્રશ્નકર્તા :** આ બધા તીર્થસ્થળોમાં જે ભગવાનની મૂર્તિઓ છે, એ ભગવાન ત્યાં પ્રત્યક્ષરૂપે રહેતા હોય છે કે ખાલી ભાવરૂપે જ છે ?

**દાદાશ્રી :** પ્રત્યક્ષ કોઈ રહેતું નથી, કોઈ

નવરા નથી, એવા કંઈ મૂર્તિની મહીં બેસી રહે. કારણ કે પ્રત્યક્ષ તો પોતાના દેશમાં જ રહે. અને એ તો આપણે મૂકેલી મૂર્તિ છે.

**પ્રશ્નકર્તા :** આપણે મૂકેલી ?

**દાદાશ્રી :** હા, પણ જેને શ્રદ્ધા હોય તેને એ મૂર્તિ કામ કરે જ. શ્રદ્ધા ના હોય તેને મૂર્તિ કામ કરે નહીં. મૂર્તિ પર શ્રદ્ધા રાખવી એ કેટલું બધું હૃદયનું જોર હોય ત્યારે શ્રદ્ધા રહે !

## મૂર્તિ સ્થાપન - નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ

**પ્રશ્નકર્તા :** આ મૂર્તિ એ એક પ્રતિક છે, તો આ મૂર્તિપૂજાનું ખરેખર હાર્દ, રહસ્ય શું છે ?

**દાદાશ્રી :** મૂર્તિને એક નામ હોય, મૂર્તિ એકલી ના હોય. મૂર્તિ એટલે સ્થાપના, પણ કોઈપણ સ્થાપના નામ વગર હોય નહીં કે આ કૃષ્ણ ભગવાન કે મહાવીર ભગવાન કે અંબા માતાજી કે એ જે કોઈપણ સ્થાપના નામ હોય. એટલે આ મૂર્તિ બે પ્રમાણથી, નામ અને સ્થાપના, અને નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ, ચાર પ્રમાણથી ભગવાન કહેવાય. ભાવથી આવે એ ભગવાન કહેવાય. નિરંતર આત્મભાવમાં જ રહેતા હોય, એ ભગવાન અને આ મૂર્તિ એ સ્થાપના કહેવાય. સ્થાપનાથી શું ફાયદો થાય ? નામ સાથે હોવાથી એમના ગુણો સાંભરી આવે કે ઓહોહો ! ભગવાન મહાવીરને ખીલા વાગ્યા હતા ને કેવું-કેવું ! જેમ આપણા દાદાએ બહારવટિયાને મારીને કાઢી મૂક્યા હોય અને એમનો ફોટો હોય ઘરમાં, એ ફોટો જોતા સાથે આપણને મહીં પરિણામ બદલાય જાય. ના બદલાય ? એવી રીતે આનાથી પરિણામ બદલાય.

આપણે કેવું બોલીએ ? ૐ નમો ભગવતે વાસુદેવાય. તે કૃષ્ણ ભગવાન હઉ દેખાય ને શબ્દ બોલીએ આપણે. હવે કૃષ્ણ ભગવાન જે ભલે આપણી ફિલમમાં આવેલા હોય, જે ચિત્ર પડેલું હોય તે, મોરલીવાળા હો કે બીજા હો, પણ આપણે આ બોલીએ કે તરત એ દેખાય. બોલીએ ને સાથે દેખાય. બોલીએને અને સાથે દેખાય નહીં, એનો અર્થ શું છે ?

નામ એકલું બોલીએ તો નામ એકલાનું ફળ મળે, પણ જોડે જોડે એમની મૂર્તિ જોઈએ તો બન્ને ફળ મળે. નામ અને સ્થાપના બે ફળ મળે તો બહુ થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** નામ, સ્થાપના સાથે બીજું બે કહ્યું છે ને, દ્રવ્ય અને ભાવ, તો તે સમજાવો ને ?

**દાદાશ્રી :** નામ-સ્થાપના એ બધું એકાગ્રતા માટે છે. 'નામ' એ સ્થૂળ છે, સ્થૂળ ભક્તિ છે. પછી 'સ્થાપના' સૂક્ષ્મ ભક્તિ છે, પછી 'દ્રવ્ય' એ સૂક્ષ્મતર ભક્તિ છે અને છેલ્લે 'ભાવ' એ સૂક્ષ્મતમ છે. આ ચાર પ્રકારની ભક્તિ છે. તે એકલું 'મહાવીર, મહાવીર' બોલતા હોય તોય સ્થૂળ ભક્તિ થઈ. અને જો સ્થાપના એટલે કે ફોટો મૂકીને 'મહાવીર, મહાવીર' કરે તે સૂક્ષ્મ ભક્તિ થઈ કહેવાય. આ મારો ફોટો મૂકીને ભક્તિ કરે એના કરતા હું જાતે હાજર હોઉં ને મારી હાજરીમાં ભક્તિ કરે તો એ સૂક્ષ્મતર ભક્તિ કહેવાય. અને પછી મારી આજ્ઞા જ પાળે તો એ સૂક્ષ્મતમ ભક્તિ કહેવાય. મારું કહેવાનું, અમારી આજ્ઞા એના ભાવમાં આવી જાય તો એ ભાવ ભક્તિ થઈ ગઈ. એ તરત ફળ આપનારું છે. પેલી ત્રણેય પ્રકારની ભક્તિ ભૌતિક ફળ આપનારી છે અને 'આ' એકલું જ 'રિયલી કેશ' છે. તેથી તો અમે કહીએ છીએ કે 'ધીસ ઈઝ ધી કેશ બેંક ઈન ધી વર્લ્ડ.' આને 'કેશ બેંક' શાથી કહીએ છીએ કે અત્યારે 'અહીં' છેલ્લી ભાવ ભક્તિ થાય.

નામભક્તિય ખોટી નથી. નામનો એવો નિયમ નથી. નામમાં તો 'રામ' બોલે તોય ચાલે ને કોઈ 'લીમડો' બોલ બોલ કરે તોય ચાલે. ખાલી

બોલવું જોઈએ. જે બોલ્યા તેની મહીં ઉપયોગ રહે, એટલે બીજી બાજુ લિસોટા ના માર માર કરે. આત્માને એક ઘડીવાર વીલો મૂકાય એવો નથી, માટે કંઈકનું કંઈક એના માટે ઉપયોગ રાખવો. માટે નામસ્મરણ કરે છે એ કંઈ ખોટું નથી. કોઈ વસ્તુ ખોટી હોતી જ નથી આ જગતમાં. પણ નામ, સ્થાપના ને દ્રવ્ય એ ત્રણેય વ્યવહાર છે અને ભાવ એકલું જ નિશ્ચય છે. વ્યવહારમાં તો અનંત અવતારથી આનું આ જ કર્યું છે ને ભટક ભટક ભટક ભટક કર્યા કર્યું છે ! આચાર્ય થયા, સાધુ થયા, સાધ્વીજી થયા, આમ ને આમ ભટક ભટક કર્યા કર્યું, પણ માર્ગ મળ્યો નહીં.

## પ્રત્યક્ષની પ્રતિષ્ઠા છે, પ્રગટનું વ્યતિરેકપણું

**પ્રશ્નકર્તા :** દાદા, અક્રમ માર્ગમાં મૂર્તિપૂજાની સ્થાપનાનો જરા ફોડ પાડો ને !

**દાદાશ્રી :** મૂર્તિપૂજાની આપણે સ્થાપના ના કરીએ કોઈ દહાડો. કારણ કે મૂર્તિમાંથી તો અમૂર્ત થવાનું છે. લોકોના હાથે સ્થાપના થાય, પણ આપણા હાથે મૂર્તિપૂજાની સ્થાપના ના હોય. તે શું કરીએ છીએ આપણે ?

**પ્રશ્નકર્તા :** એ ફોડ પાડો, દાદા.

**દાદાશ્રી :** મૂર્તિપૂજા કોની કહેવાય ? જે ગયા પછી એમના પ્રતિકની સ્થાપના કરીએ એ મૂર્તિપૂજા કહેવાય. અત્યારે મારો ફોટો તમારે ત્યાં છે તે તમે આમ ભજો એ મૂર્તિપૂજા ના કહેવાય. હું અહીં છું પ્રત્યક્ષ. આ તો પ્રગટનું વ્યતિરેકપણું કર્યું કહેવાય આપણે.

**પ્રશ્નકર્તા :** પ્રગટનું વ્યતિરેકપણું ! આ સાચો ફોડ પડ્યો. આવો જરા વિકલ્પ કોઈ વખતે આવતો'તો કે આ મૂર્તિપૂજા કેવી પછી ? તો આ ફોડ સારો પડ્યો કે આ તો પ્રગટનું વ્યતિરેક છે.

**દાદાશ્રી :** એ એવું કરીએ નહીં ને ! અમે આવી ભૂલ કરીએ કોઈ વખતે ? આ તો લોકોના મનમાંય એવું ઠસી ગયું છે કે આ દાદા આવું મૂર્તિપૂજા કેમ કરાવડાવે છે અમૂર્ત થયા પછી ? પણ મારો ફોટો પૂજે એ કંઈ મૂર્તિપૂજા નથી. જે હાજર છે એનો ફોટો એ તો એનું વ્યતિરેકપણું છે. જે છે એના દર્શન કરવાના છે આપણે.

નહીં તો આપણે ફોટો ના મૂકીએ તો શું કરીએ ? સીમંધર સ્વામીના દર્શન કરું છું, એ પણ શબ્દ જ છે ને ? શબ્દય મૂર્ત જ છે ને ! શબ્દ સિવાય તમે કેવી રીતે એમના દર્શન કરી શકશો ? અમૂર્તના દર્શન એ પણ શબ્દ સિવાય કેવી રીતે કરી શકો તમે ?

આ શબ્દને સ્થાપના કહેવાય છે. મૂર્તિ કોને કહેવાય કે ગયા પછી, મહાવીર ગયા પછી મહાવીરની મૂર્તિ કહેવાય. તમને શું લાગે છે ? આમાં ભેદ ના હોય. હાજર માણસ હોય ને તેનો ફોટો લઈને ભજતો હોય તો પરોક્ષ ભજના કહેવાય કે પ્રત્યક્ષ ?

**પ્રશ્નકર્તા :** હાજર માણસ હોય તો પ્રત્યક્ષ.

**દાદાશ્રી :** પ્રત્યક્ષ ભજના કહેવાય. પરોક્ષ ભજના કોનું નામ કહેવાય કે એ છે જ નહીં પોતે, એ મૂર્તિપૂજા. જેને અમૂર્ત થયું નથી તેને એ મૂર્તિપૂજાની જરૂર છે. અમૂર્ત થયો નથી અને તમે તો અમૂર્ત થયેલા, તમારે મૂર્તિપૂજા ના હોવી જોઈએ. પણ આ સીમંધર સ્વામી તો બહુ કાર્યકારી છે.

એમના દર્શન કરવા જોઈએ કે ના કરવા જોઈએ ?

**પ્રશ્નકર્તા :** કરવા જોઈએ.

**દાદાશ્રી :** એમનું નામ બોલવું જોઈએ કે ના બોલવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** હા, બોલવું જોઈએ, દાદા.

**દાદાશ્રી :** એમની પાસે તો જવાનું છે ત્યાં આગળ, તો અત્યારથી એમની જોડે સંબંધ બાંધીએ શું ખોટો ?

**પ્રશ્નકર્તા :** જ્યાં જવાનું છે તેમને અહીંયા આપણે વ્યતિરેકમાં લાવ્યા, દાદા.

**દાદાશ્રી :** ના, આપણે કહીએ ને કે 'સાહેબ, અમને પ્રત્યક્ષ દર્શન નહીં આપો તો અમે તમારી સ્થાપના કરીને પણ તમારા દર્શન કરીશું. અમે છોડીશું નહીં.' ના, પણ લોક દાદાનો ફોટો પૂજતા હોય તો તમને ખરાબ લાગે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** અને બીજી મૂર્તિઓ ભજતા હોય તો તમને એમ લાગે કે આ મૂર્તિ દર્શન કરતા ફાવે. છતાં આપણે વ્યવહાર ખાતર એની ના નથી કહેતા. વ્યવહારથી દરેકના દર્શન, નિશ્ચયથી અમૂર્તના.

## પરોક્ષ ભક્તિનું વૈજ્ઞાનિક રહસ્ય

**પ્રશ્નકર્તા :** ગીતામાં ભગવાન કહે છે કે હે અર્જુન ! તું મને આંખોથી નથી જોઈ શકતો. હું તને અલૌકિક નેત્રો આપું છું, દિવ્યચક્ષુ. જેના વડે તું મારા દર્શન કરી શકીશ. જો આ આંખોથી ભગવાનના દર્શન થાય એમ નથી, તો મંદિરમાં દર્શન કોના કરે છે ?

**દાદાશ્રી :** ભગવાનના, ભગવાનની મૂર્તિના, આ ચામડાની આંખથી મૂર્તિના દર્શન થાય. કૃષ્ણ ભગવાન, મહાવીર ભગવાન એ મૂર્તિના દર્શન થાય, અમૂર્તના દર્શન ના થાય.

**પ્રશ્નકર્તા :** તો મૂર્તિના દર્શન કરવાથી આપણને શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** એ મન એકાગ્ર થાય. એટલો વખત શાંતિ રહે અને એ મૂર્તિ પોતે સ્વીકાર કરતી નથી. તમે કૃષ્ણ ભગવાનના દર્શન કરો તો એ સ્વીકાર ના કરે. કારણ કે એ પોતે છે જ નહીં ત્યાં આગળ. એટલે એ શું કરે કે એ ડિસ્પેચ કરી દે. તમારી અંદર ભગવાન બેઠા છે ને, તેને એ ડિસ્પેચ કરી દે. એને પરોક્ષ ભક્તિ કહેવાય. તમે પ્રત્યક્ષ નથી કરતા. તમારી અંદરવાળાને ઓળખતા નથી એટલે તમારે બહાર મૂર્તિની મદદ લેવી પડે છે. એટલે મૂર્તિ પાછું ત્યાંનું ત્યાં જ મોકલે છે પાછું કે 'લ્યો, આ તમારો ભક્ત મારી પાસે આવીને મૂકી ગયો છે, આ તમારું છે.' એને પરોક્ષ ભક્તિ કહેવાય. અંદરની પ્રત્યક્ષ ભક્તિ કહેવાય.

પથ્થરની મૂર્તિ શું સૂચવે છે ? મારા જેવું પરમાત્મ તત્ત્વ જેમાં રહેલું છે તેને તું ઓળખ. જેમાં જ્ઞાન પ્રગટ થયું છે તેને તું ભજ.

## અજાયબી મૂર્તિઓની

જો આ સિદ્ધાંત માણસ સમજી ગયો કે ઑન ધી મૉમેન્ટ તમને પહોંચે છે. ફક્ત એટલો જ ફેર પડે છે કે 'આમ થઈને આમ રહીને આમ આવે છે.' ત્યારે ધન્ય છે ને આ શોધખોળને ! તમને કોઈને આ મૂર્તિની શોધખોળ ધન્ય લાગે છે ? સંસારથી થાક્યો... સુખ જોયા, વિષયોના સુખ જોયા, કીર્તિના સુખ જોયા, બધાથી કંટાળ્યો, અને હવે મને સમકિત આપો, એવી જે ભાવના તમે ભાવો છો આમ ત્યાં, એ પોતે સ્વીકારતા નથી, કારણ કે એ તો વીતરાગ. એમનો ધંધો શો, મૂર્તિનો ? વીતરાગ. એટલે અહીંથી આપણે જે ભાવના કરી, એ પરોક્ષ ભાવના થઈ, એ પોતે સ્વીકારતા નથી. માટે અહીં આપણા આત્માને સીધું પહોંચાડે છે આ વાત. આટલી બધી અજાયબી ! હિન્દુસ્તાનની મૂર્તિઓની !

## મૂર્તિ શીખવે વીતરાગતા

આ મૂર્તિઓ લોકોને જાગૃતિમાં લાવવા માટેનું સાધન છે. અને બીજું, મૂર્તિમાં તો બધું

બહુ જાતનું સાયન્સ મૂકેલું છે. એકલું એટલું નહીં, એ કહે છે કે આમ કરીને બેઠા છે. કેવા ?

**પ્રશ્નકર્તા :** સમાધિ, પદ્માસનમાં.

**દાદાશ્રી :** પગ ઉપર પગ ચઢાવી, હાથ ઉપર હાથ ચઢાવી. એ કહે છે, કે કશું કરવા જેવું નથી, મોક્ષે જવું હોય તો.

જો તારે મોક્ષે જવું હોય તો આ ભવ પૂરતું હાથ-પગ વાળીને બેસી રહેજે એટલે કે મશીનરી બંધ કરીને બેસી રહેજે તોય તારું બધું ચાલે એવું છે !

**પ્રશ્નકર્તા :** મોક્ષે જવા માટે બીજું કાંઈ કરવાની જરૂર નથી.

**દાદાશ્રી :** બધું વ્યવસ્થિત છે, તું તારી મેળે કરે જા ને ! કશું પગેય હલાવવા જેવા નથી ને હાથેય કશું કરવા જેવું જ નથી. વીતરાગો એવી સૂચના કરે છે. અને નથી જોડે સ્ત્રીને... લક્ષ્મીજી બેસાડ્યા કે નથી બીજું કોઈ ! નથી તલવાર કે નથી ભાલો. નથી સાપ વીંટાળ્યા ! કેવા ભગવાન છે ! મોક્ષે જવાની આ છેલ્લી નિશાની, છેલ્લી મુદ્રા કહેવાય એ. આમ તેમ કશું જ કરવા જેવું નથી. પગ ઉપર પગ ચઢાવીને બેઠા આમ કરીને ! વ્યવસ્થિત છે, એમ કહે છે. આ તો મેં બે-ચાર કારણો આપ્યા પણ બહુ કારણો છે. મૂર્તિના એટલા બધા કારણો છે.

વીતરાગો શું કહે છે ? અમે કશું જ સ્વીકારતા નથી અને તું જે આપીશ તે તને રીટર્ન વીથ થેન્કસ્ (આભાર સાથે પરત). તું ચાર આના નાખીશ તો તને એનાથી અનેકગણું મળશે. ફૂલ નાખીશ તો અનેકગણા ફૂલાં મળશે અને ગાળ આપીશ તો તેય તને અનેકગણી મળશે. એક ફેરો વીતરાગને માટે મન-વચન-કાયાની એકતાથી ખર્ચી તો જો ! આ વીતરાગોની જ આવી મૂર્તિ હોય છે, બીજા કોઈની આવી મૂર્તિ જોઈ છે ? આ તો વીતરાગ મુદ્રા કહેવાય ! જેવી જેની મૂર્તિ તેવું તેનું ડેવલપમેન્ટ.

મૂર્તિ પૂજવાથી ફાયદો શો છે ? આ આપણું વિજ્ઞાન છે આ મૂર્તિનું. તે મૂર્તિની પૂજા ક્યાં સુધી કરવાની ? જ્યાં સુધી અમૂર્તના દર્શન ન થાય ત્યાં સુધી. એટલે આત્મા અમૂર્ત છે. એના દર્શન થાય ત્યાં સુધી આ ઝાલી રાખજો. આપણે બધું અવલંબન તો જોઈએ ને ? જ્યાં સુધી સ્ટીમર ના મળે ત્યાં સુધી એક પાટિયું હાથમાં આવ્યું હોય દરિયામાં, તો પાટિયાથી પણ તરવું જોઈએ ને ! સ્ટીમર આવે ત્યારે પાટિયું છોડી દેવાનું. એવી રીતે આ મૂર્તિની જરૂર છે.

## મૂર્ત-અમૂર્તની અનુભૂતિ

**પ્રશ્નકર્તા :** મૂર્ત જ્ઞાન અને અમૂર્ત જ્ઞાનમાં શું ફેર ?

**દાદાશ્રી :** આ ઈન્દ્રિયોથી સમજાય એ બધું મૂર્ત જ્ઞાન. પાંચ ઈન્દ્રિયોની હેલ્પથી, બુદ્ધિની હેલ્પથી, મનની હેલ્પથી જે સમજાય એ બધું મૂર્ત જ્ઞાન.

અમૂર્તના દર્શન કરવા જેવા છે. બધા શાસ્ત્રો અમૂર્તના દર્શન કરવા માટે છે. પણ શાસ્ત્રોમાં બધું મૂર્ત જ્ઞાન છે ને અમૂર્ત જ્ઞાન તો અમૂર્ત ભાષામાં હોય. જે ઈન્દ્રિયોથી દેખાય એ બધું જ મૂર્ત જ્ઞાન છે.

અમે મૂર્ત જ્ઞાન આપીએ, તે દહાડે ભગવાન એની ઉપર કૃપા ઉતારે, અમૂર્તની. અંદરવાળા ભગવાન પેલા પર કૃપા ઉતારે, દાદાની આજ્ઞામાં રહ્યો માટે.

**પ્રશ્નકર્તા :** અમૂર્તની અનુભૂતિ એટલે શું ?

**દાદાશ્રી :** આ લોકો એટલે સુધી જાણી ગયા છે કે સાકર ગળી છે. એ તો લોકો શાસ્ત્રથી પણ જાણે છે. પણ ગળી એટલે શું એમ પૂછીએ તેના

માટે શબ્દ ના હોય. એટલે શું કરવું પડે મારે ? તમારા મોઢામાં એક ટીકડી મૂકી આપું એટલે તમે પોતે જ સમજી જાવ. પછી મારે કહેવું જ ના પડે કે ગળી એટલે શું ? એવું આ આત્માની અનુભૂતિ. એ અમે તમને જ્ઞાન આપીએ ને, એટલે એની મેળે જ તમને આત્મ અનુભૂતિ થઈ જાય.

અમૂર્ત પ્રકાશમાન થવું જોઈએ. અમૂર્ત તો જીવમાત્રમાં છે જ, પણ પ્રકાશમાન થાય તો કામ લાગે ને !

## 'મૂર્તિ' સમકિત સુધી લઈ જશે

**પ્રશ્નકર્તા :** આત્મા જગાડવા મૂર્તિની જરૂર ખરી ?

**દાદાશ્રી :** મૂર્તિની બહુ જરૂર છે. ભગવાને ચોખ્ખું કહ્યું છે કે સત્‌દેવ, સત્‌ધર્મ ને સદ્‌ગુરુની જરૂર છે. પણ જ્યાં સુધી સમકિત થયું નથી, સાચા સત્‌દેવ, સત્‌ધર્મ ને સદ્‌ગુરુ પ્રાપ્ત થયા નથી, ત્યાં સુધી વ્યવહારના દેવની જરૂર છે. 'સ્વરૂપ જ્ઞાન' થયા પછી નિશ્ચયના દેવની જરૂર છે. પછી કોઈ કહે કે દેવની જરૂર નથી તો તે ના ચાલે. વ્યવહારના દેવ મૂર્તિ સ્વરૂપે છે, નિશ્ચયના દેવ અમૂર્ત છે.

**પ્રશ્નકર્તા :** મૂર્તિ આત્માનું કલ્યાણ ના કરી શકે ?

**દાદાશ્રી :** જ્યાં સુધી આત્માનું ભાન થયું નથી, ત્યાં સુધી મૂર્તિની પાછળ પડો. એ મૂર્તિ સમકિત સુધી લઈ જશે. મૂર્તિને તરછોડશો નહીં, કારણ કે વીતરાગોના નામ પર છે. ત્યાં વીતરાગોની સ્થાપના થયેલી છે અને મૂર્તિની પાછળ શાસન દેવલોકો રહેલા છે.

વીતરાગો ઉપર મોહ, જેનાથી વીતરાગતા આવે એવી બધી વસ્તુ પર મોહ, એનું નામ પ્રશસ્ત મોહ. પછી એ મોહ મૂર્તિ ઉપર કેમ ના હોય, પણ એ વીતરાગતા લાવનારી વસ્તુ છે.

## અમૂર્તના અવલંબને પમાય અમૂર્ત

**પ્રશ્નકર્તા :** ઈષ્ટમૂર્તિના માધ્યમ દ્વારા આત્મદર્શન કેટલા અંશે શક્ય છે ? તેની પ્રક્રિયા સમજાવો.

**દાદાશ્રી :** ઈષ્ટમૂર્તિ એટલે પથ્થરની મૂર્તિ કે સજીવન મૂર્તિ ?

**પ્રશ્નકર્તા :** ના, પથ્થરની.

**દાદાશ્રી :** ના, એનાથી આત્મદર્શન શક્ય નથી. એ સંસાર ફળ આપે તમને. એનાથી ભૌતિક ફળો અને પુણ્ય ફળ બંધાય. પણ એ ના કરો તો ઊંધે રસ્તે જતા રહે. એટલે આમ આપણે શું કહીએ છીએ ? મૂર્તિના દર્શન કરતા કરતા અમૂર્ત કો'ક દહાડો પામશો. કારણ કે મૂર્તિના દર્શન કરવાથી આવરણ તૂટતું જાય છે અને અમૂર્તના ઉપરથી આવરણ ખસતું જાય છે. તે કોઈક દહાડો એને બીજા સંજોગો મળી આવે, જ્ઞાની પુરુષ ને એ બધાનો, તો અમૂર્ત થાય, નહીં તો અમૂર્ત થાય નહીં.

સજીવન મૂર્તિ મળ્યા સિવાય અમૂર્ત થાય નહીં. મૂર્તિનું અવલંબન મૂર્ત બનાવશે અને અમૂર્તનું અવલંબન અમૂર્ત બનાવશે.

રિલેટિવ, રિલેટિવના દર્શન કરે એટલે રિલેટિવજ રહે. અમૂર્ત રિયલના દર્શન કરે તો જ રિયલમાં જાય.

**પ્રશ્નકર્તા :** એ તો આપે કહ્યું છે ને, જ્યાં સુધી અમૂર્તના દર્શન ના થાય ત્યાં સુધી મૂર્તની આસક્તિ રહે !

**દાદાશ્રી :** હા, અમૂર્તના દર્શન ના થાય ત્યાં સુધી મૂર્તિની આસક્તિ રાખવાની પણ અમૂર્તના દર્શન થયા પછી મૂર્તિની જરૂર નહીં.

જ્યાં સુધી અમૂર્તના દર્શન ના થાય ત્યાં

સુધી મૂર્તિપૂજા એ ધ્યેય છે. અમૂર્તના દર્શન થયા પછી એ ધ્યેયસ્વરૂપ રહેતું નથી, પછી અમૂર્ત ધ્યેય.

જે અમૂર્તને સમજ્યો એ અધ્યાત્મી. અમૂર્તની પ્રતીતિ બેઠી ત્યારથી અધ્યાત્મી થયો.

### જ્ઞાનીમાં મૂર્તામૂર્ત બેઉ દર્શન થાય

જ્ઞાની પુરુષ સિવાય અમૂર્તનું ભાન કોઈને ના હોય, અમૂર્ત છૂટું ના પડેલું હોય. ત્યાં સુધી દેહધારી મૂર્તિરૂપે કહેવાય અને આમનામાં છૂટું પડી ગયેલું હોય એટલે મૂર્ત-અમૂર્ત.

જ્ઞાનીના પોતાનામાં છૂટું પડી ગયું છે એટલે મૂર્તામૂર્ત લખ્યું અને જેનું છૂટું પડી ગયું એ મૂર્તામૂર્ત કહેવાય. મૂર્ત છે અને અમૂર્તેય છે, બેઉ છૂટા છે.

**પ્રશ્નકર્તા :** એટલે શુદ્ધ ને અશુદ્ધ બેઉ છૂટેછૂટા છે ?

**દાદાશ્રી :** ના, શુદ્ધ ને અશુદ્ધ નહીં. અશુદ્ધની વાત જ નથી ત્યાં.

**પ્રશ્નકર્તા :** તો પછી આ પરમાણુય શુદ્ધ છે ?

**દાદાશ્રી :** પરમાણુની શુદ્ધતાને સવાલ જ નથી. એ મૂર્તસ્વરૂપ છે. મૂર્ત એટલે આપણને દર્શન કરવા કામ લાગે, એટલે ઈન્દ્રિયોથી દર્શન થાય અને અમૂર્તના દર્શનેય જ્ઞાની પુરુષે જ્ઞાન આપેલું હોય તેનાથી થાય. બન્નેય દર્શન થાય એવા છે. અને આ જગત વ્યવહારમાં રિલેટિવમાં મૂર્તિ એકલાના જ દર્શન થાય. અત્યારે તે સીમંધર સ્વામીના દર્શન કરે તો મૂર્તિ એકલાના દર્શન થાય, અમૂર્તના દર્શન ના થાય. અમૂર્તના દર્શન તો દિવ્યચક્ષુ વગર થાય નહીં. એટલે આ દિવ્યચક્ષુ મળેલા એટલે અમૂર્તનાય દર્શન કરી શકે છે અને મૂર્તનાય દર્શન કરી શકે છે. આ ચર્મચક્ષુથી મૂર્તનાય દર્શન થાય છે અને અમૂર્તના દર્શન દિવ્યચક્ષુથી થાય છે, એટલે બેઉ દર્શન સાથે થાય.

**પ્રશ્નકર્તા :** આ જણાય ને આય જણાય.

**દાદાશ્રી :** હા, બેઉ. બેઉ થાય જેને એના આત્માનું દર્શન થયું, તમારામાં આત્મા દેખાયો એટલે બધાનામાં દેખાઈ ગયો. પોતાનો આત્મા જાણે તે પરનો આત્મા જાણે. એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું. જેણે આત્મા જાણ્યો તેણે બધું જ જાણ્યું. કશું જાણવાનું બાકી રહ્યું નહીં.

**પ્રશ્નકર્તા :** 'અભેદતાથી દર્શન કરતા અમૂર્ત છેવટે મળી ગયો.'

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષ જોડે અભેદતાથી દર્શન કર્યા, તેથી અમૂર્તપદ પ્રાપ્ત થયું. અનંત અવતારથી મૂર્ત ભગવાનને ભજે છે જે મૂર્તિમાં, દેહને 'હું' માનતો હતો, તે બધું આખું ગયું અને અમૂર્તપદમાં બેસી ગયો.

શુદ્ધાત્મા અમૂર્ત છે એટલે લક્ષ ના બેસે. મૂર્તિના લક્ષ બેસે, અમૂર્તના લક્ષ ના બેસે. શુદ્ધાત્માનું લક્ષ ક્યારેય બેસે નહીં અને 'હું ચંદુલાલ છું' તે લક્ષ ક્યારેય જાય નહીં. આ તો અમે જ્ઞાન આપીએ તો શુદ્ધાત્માનું લક્ષ બેસે. અમૂર્તની અનુભૂતિ જ્ઞાની પુરુષ એકલા જ કરાવે.

આ તમારી મહીં પણ 'અમે' પ્રતિષ્ઠા જ કરી છે. તેથી તો 'હું શુદ્ધાત્મા છું' એમ બોલી ઊઠે છે ! મૂર્તિમાં પ્રતિષ્ઠા 'જ્ઞાની પુરુષ' કરે. જડ મૂર્તિમાં 'જ્ઞાની પુરુષ' પ્રતિષ્ઠા કરે તો પણ ફળ આપે છે, તો જીવંત મૂર્તિમાં પ્રતિષ્ઠા કરે તો શું ફળ ના આપે ?

આ તો બધા થબાકા પાડવાના અને ભગવાનને 'તું' અને 'હું' ગાવાના. મૂર્તિને ભજીશ તો મૂર્તિ મળશે, દેહ ઊંચો મળશે, મોટર-બંગલા મળશે; પણ જ્યાં સુધી અમૂર્તના દર્શન ના થાય, 'જ્ઞાની પુરુષ' અમૂર્તના દર્શન ના કરાવે ત્યાં સુધી મૂર્તિની ભજના કરજે, અને જ્યારે અમૂર્તને ભજે

ત્યારે મોક્ષ થાય. મૂર્તિ તો અનંત અવતાર ભજ ભજ કરીએ જ છીએ ને ! 'જ્ઞાની પુરુષ'માં તો અમૂર્ત છે અને મૂર્તિયે છે. 'જ્ઞાની પુરુષ' મૂર્તામૂર્ત છે, એટલે એમને ભજવાથી મોક્ષ થાય !

### મહાત્માઓએ દર્શન કેવા કરવા ?

**પ્રશ્નકર્તા :** મારા જેવાએ જ્ઞાન લીધું છે, તો હવે મંદિરમાં જઈએ તો શું કરવું ?

**દાદાશ્રી :** હવે 'ચંદુલાલ' ને જ કહીએ કે જે' જે' કરજે, જો અંદર ભાવ થાય તો, ને ના થાય તો કંઈ નહીં. પણ એના તરફ ઘૃણા નહીં રહેવી જોઈએ, અભાવ નહીં રહેવો જોઈએ. એ રિલેટિવ (વ્યવહાર) છે. રિલેટિવનો વાંધો નહીં. રિલેટિવમાં મસ્જિદમાં જઈએ તોય દર્શન કરાય.

એટલે રિલેટિવમાં નિષ્પક્ષપાતી અને રિયલ (નિશ્ચય)માં આ શુદ્ધાત્મા એકલું જ. રિયલ ભક્તિ એક જ છે.

ભગવાન તો પોતાની મહીં જ છે પણ તેનું ભાન નથી. તેથી તો જ્ઞાનીઓએ બહાર મૂર્તિ મૂકી કે જેથી ભાન વગરના માણસો મૂર્તિને જુએ. ભગવાન જોઈને દર્શન કરે. આ તો રિયલનું ભાન નથી એટલે રિલેટિવમાં ભાન થાય છે અને ત્યાંથી રિયલમાં આવે છે. આ મૂર્તિની સ્તુતિ-ભક્તિ કરવાથી મન કૂણું થાય.

મૂર્તિ શાથી મૂકી છે ? એની પાછળ શી ભાવના છે ? 'સાહેબ, તમે સનાતન સુખવાળા છો ને હું તો 'ટેમ્પરરી' સુખવાળો છું. મારેય સનાતન સુખની ઈચ્છા છે.' ભગવાન સનાતન સુખવાળા છે, તેથી તો જુઓ ને, મૂર્તિમાં છે તોય આપણા કરતાં રૂપાળા દેખાય છે. જાણે જોયા જ કરીએ !

### સાચી પ્રતિષ્ઠા માટે ચોખ્ખું જોઈએ

**પ્રશ્નકર્તા :** મૂર્તિ-મૂર્તિમાં ફેર પડે ખરો ?

**દાદાશ્રી :** બહુ ફેર પડે. અમે પ્રતિષ્ઠા કરીએ તે ફળ આપે તમને. પ્રતિષ્ઠા એટલે મહીં ચેતન પૂરવું. હિન્દુસ્તાનની મૂર્તિઓ એ ગપ્પા નથી.

**પ્રશ્નકર્તા :** ઘણી મૂર્તિને જોઈએ તો એકદમ ઉલ્લાસ આવે છે.

**દાદાશ્રી :** હા, ઉલ્લાસ આવે.

**પ્રશ્નકર્તા :** અમુકમાં નથી આવતો.

**દાદાશ્રી :** હા, અમુકમાં ન આવે, પણ અમુક જગ્યાએ ઉલ્લાસ આવે.

**પ્રશ્નકર્તા :** તો ત્યાં એ વધારે સારી પ્રતિષ્ઠા થઈ હશે, એટલે ત્યાં ઉલ્લાસ આવે ?

**દાદાશ્રી :** હા, થયેલી હોય.

### લોકો દર્શન કરે, ત્યાં પ્રતિષ્ઠા થયા કરે

**પ્રશ્નકર્તા :** આ મૂર્તિ એ હ્યુમન ક્રિએશન બન્યું ને, માણસની બનાવટ ? તો એમાં પછી ભગવાનનું અસ્તિત્વ કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** ભગવાન તો જેને શ્રદ્ધા હોય એને માટે, એની પ્રતિષ્ઠા કરેલી હોય. 'ભગવાન' આપણે સ્થાપના કરીએ, એની મહીં. પ્રતિષ્ઠા કર કર કરીએ, એની અંદર આરોપણ કરીએ આપણે.

પ્રતિષ્ઠા કરીએ એટલે એ ફળ આપે. જેટલી આપણે અંદર પ્રતિષ્ઠા નાખી એટલી એ પ્રતિષ્ઠા ફળ આપે. અને પછી ફળ આપીને પૂરી થઈ જાય. એટલે ફરી પ્રતિષ્ઠા કરવી પડે. પાછા લોકો દર્શન કરે ત્યારે પ્રતિષ્ઠા થયા કરે. જીવતો માણસ મૂર્તિની પૂજા કરે છે તે મૂર્તિ સજીવ થતી જાય.

હવે મૂર્તિ ફળે કોની ? એ મૂર્તિને સજીવ બનાવી હોય તેની. મૂર્તિને પ્રતિષ્ઠા કરી સજીવ બનાવે, મહીં આત્મા મૂકે ત્યારે. એ પ્રતિષ્ઠા કોણ કરી શકે ? જેનામાં એક સેન્ટ પણ બુદ્ધિ નથી તે પ્રતિષ્ઠા કરી શકે.

આપણે જો ભગવાનને પ્રતિષ્ઠા થાય તે ભગવાન બોલી ઊઠે તેવા થશે. જ્ઞાની પુરુષના હાથે પ્રતિષ્ઠા હોવી જોઈએ. લોકોનું કલ્યાણ કરી નાખે ! વિશ્વાસ હોવો જોઈએ, શ્રદ્ધા હોવી જોઈએ. તમારી શ્રદ્ધા ને ભગવાન - બે; અમે પ્રતિષ્ઠા કરી મૂકેલી હોય અને એક બાજુ શ્રદ્ધા, તો કલ્યાણ થઈ જાય એનું.

## મૂર્તામૂર્ત જ્ઞાની પમાડે અમૂર્ત

**પ્રશ્નકર્તા :** મંદિરમાં મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે તો મૂર્તિમાં શક્તિ વધી જાય ખરી ?

**દાદાશ્રી :** હા, વધે ને ! પ્રાણપ્રતિષ્ઠા હુક્કામાં કરું તો એમાંય શક્તિ વધી જાય અને મૂર્તિમાં તો દરેક લોકોના આરોપિત ભાવ છે. ત્યાં પ્રાણપ્રતિષ્ઠા કરે એટલે ફળ આપે. પણ આ કાળમાં પ્રાણપ્રતિષ્ઠા સાચી થતી નથી. 'અમે' સાચી પ્રાણપ્રતિષ્ઠા કરીએ, પણ ઉદય સિવાય 'અમે' કરીએ નહીં. લોકોનું કલ્યાણ થાય એટલા માટે અમે પ્રતિષ્ઠા કરીએ. લોકોને શક્તિ હોય તે પ્રમાણે પ્રાણપ્રતિષ્ઠા કરે. અને આ પ્રતિષ્ઠા કેવા ભાવે કરે છે ? કલુષિત ભાવે. કલુષિત ભાવ નીકળ્યા ના હોય અને પ્રાણપ્રતિષ્ઠા કરે. કલુષિત ભાવ ગજબનો મહીં હાજર હોય. સળી થાય તો ફેણ માંડે, એવા પ્રતિષ્ઠા કરે તો કેવું ફળ આપે !

પ્રાણપ્રતિષ્ઠા કરવાનો કોનો અધિકાર ? જેના કલુષિત ભાવ સંપૂર્ણ નીકળી ગયા છે, એટલું જ નહીં પણ એના નિમિત્તે કોઈનેય કલુષિત ભાવ ના થાય. એ તો 'પંચ પરમેષ્ઠિ'માં ગણાય છે અને એવાને હાથે પ્રાણપ્રતિષ્ઠા થવી જોઈએ. છતાં, આ 'ના મામો હોય તેના કરતાં કહેણો મામો સારો.' બાકી પ્રતિષ્ઠા તો એવી થવી જોઈએ કે મૂર્તિ બોલી ઊઠે, હસી ઊઠે ! અમે જ્યાં જ્યાં પ્રતિષ્ઠા કરીએ ત્યાં ત્યાં મૂર્તિ બોલી ઊઠે છે, હસી ઊઠે છે ! અમારી ઈચ્છા તો બહુ હોય કે બધે જ મંદિરોમાં પ્રતિષ્ઠા થાય, પણ સત્તા અમારી નહીં ને ! 'વ્યવસ્થિત'ના હાથમાં બધું, એટલે અમે ઉદય પ્રમાણે કરીએ.

## જયપુરમાં બિરલા મંદિરે થઈ પ્રતિષ્ઠા

અમે એકવાર જાત્રાએ ગયા હતા ને, ત્યારે એક-બે જગ્યાએ અમારા પ્રતિષ્ઠા કરવાના ઉદય આવ્યા હતા, આડત્રીસ દિવસમાં. અને એક જગ્યાએ દેરાસરમાંયે આવ્યો હતો. વીતરાગની ઉપરેય પ્રાણપ્રતિષ્ઠા થઈ'તી અમારા નિમિત્તે. અમે પ્રતિષ્ઠા કરી'તી, પણ ઉદય સિવાય અમે કરીએ નહીં. આ જે બિરલાના બે મંદિર હતા ને, ત્યાં ઉદય આવી ગયો. અજમેરમાં કે જયપુરમાં ?

**નીરુમા :** જયપુરમાં અને અયોધ્યામાં.

**દાદાશ્રી :** તે આ જયપુરમાં અમે ગયા હતા. તે એક જૈન છે તે, આ કવિરાજના જે સગા હતા ને, એટલે પછી ત્યાં ગયા ત્યારે કહે છે, 'અહીં આગળ એક રામચંદ્રજીનું મંદિર છે તે આમણે બંધાવ્યું છે, આ બિરલાએ. ત્યારે મેં કહ્યું, 'કેટલા વરસ થયા ?' ત્યારે કહે, 'બે વરસ થયા.' બહુ સારું હતું, આ નવી ઢબનું મંદિર હતું. બહુ મોટું નહીં પણ નવી ઢબનું ને રામચંદ્રજી, સીતા ને લક્ષ્મણની મૂર્તિઓ ત્રણેય આરસપહાણની, મોટી જબરજસ્ત ! અમે તો બધાય પાંત્રીસ જણ ત્યાં આગળ જઈને બેસી ગયા. કારણ કે અમારે તો બધેય બેસવાનું. અમારે તો નિષ્પક્ષપાતી ખરું ને ! એટલે શિવનું મોટું સ્થાનક હોય તોય જવાનું, બધેય જવાનું. નિષ્પક્ષપાતી ખરા ને આપણે એટલે ત્યાં બેસી ગયા. પછી ત્યાં ભગવાનનો ઉદય રામચંદ્રજીનો, તે મહીંથી 'પ્રતિષ્ઠા કરો,' કહે છે. એટલે પછી પ્રતિષ્ઠા થઈ ગઈ. દાદાએ પ્રતિષ્ઠા કરી. આ બધા કંઈ બોલ્યા કરતા હતા બધું. પેલું ગાયા કરતા હતા અને મેં બેઠા બેઠા થોડી દસેક મિનિટમાં કરી પ્રતિષ્ઠા, ઊંચી જાતની. પછી પ્રતિષ્ઠા પૂરી

કરી એટલે ત્યાં પૂજારી ઊભો'તો ને, તે કહે, આ બે વરસથી મૂર્તિ પધરાવી છે. પણ આજે હસી છે, ધન્ય છે !

**નીરુમા :** કોઈ દહાડોય મેં આટલા હસતા જોયા નથી. આજે આપે એવું શું કર્યું કે ભગવાન રામચંદ્રજી આજે આટલા બધા હસે છે ?

**દાદાશ્રી :** 'આજે અમે પ્રતિષ્ઠા કરી છે, આ લોકોનું કલ્યાણ થાય એટલા માટે પ્રતિષ્ઠા કરી.' એટલે પેલો પૂજારી ભગવાનને હસતા જોઈને રડવા માંડ્યો કે ઓહોહો ! શું થયું, આ ભગવાન કોઈ દહાડો હસ્યા નથી બે વર્ષથી ! એટલે તરત માળા હતી ભગવાનની પહેરાવેલી, તે માળા લઈને અહીંયા આવ્યો ને મને આવીને પહેરાવી દીધી. મેં કહ્યું, 'શું છે ભઈ, કેમ આ ?' ત્યારે કહે, 'આપે શું કર્યું તે આ ભગવાન કોઈ દહાડો હસ્યા નથી ને આજે હસ્યા ? મેં જોયા જાતે !'

મેં કહ્યું, 'આજ પ્રતિષ્ઠા કરી. રોજ હસશે હવે, જો તને જોતા આવડે તો રોજ હસશે. નહીં તો તને કદરૂપા લાગશે.' ના જોતા આવડે તેને કેવા લાગે ?

**પ્રશ્નકર્તા :** કદરૂપા લાગે.

**દાદાશ્રી :** હં. તે પછી પાછું અયોધ્યામાં આવું થયેલું. એ તો બધા સજ્જડ થઈ ગયા. બધા કહે છે, 'અમે તો ગામ ભેગું કરીએ છીએ.' ત્યારે મેં કહ્યું, 'ના, ભેગું ના કરશો. અમને આજ નવરાશ નથી.'

હવે લોકો કહે છે, 'તમે ગામેગામ દરેક મંદિરોમાં પ્રતિષ્ઠા કરો', પણ હું નવરો નથી બા. આવું તે હું ક્યાં આ માથાકૂટ કરું, કેટલી બધી ?

**પ્રશ્નકર્તા :** દાદા, મૂર્તિમાં સાચી પ્રાણપ્રતિષ્ઠા થઈ છે એ આપણને ખબર કેવી રીતે પડે ?

**દાદાશ્રી :** પેલો પૂજારી મને માળા પહેરાવી ગયો ને, તે કેવી રીતે પહેરાવી ગયો ? તરત ખબર પડે. જેનું પ્યૉર હાર્ટ છે એ મૂર્તિની સામો જાય તો મૂર્તિ હસતી દેખાય એને, પણ તે મહીં પ્રતિષ્ઠા થયેલી હોય તો. અને હાર્ટ બધા મેલા હોય તેને શી રીતે દેખાય ? મહીં ચોખ્ખું જોઈએ. આ આંખ જરા કાચી હશે તો ચાલશે. ચશ્મા ચઢાવીને જોજો, પણ મહીં આ ચોખ્ખું જોઈએ.

જ્ઞાની પુરુષના હાથે પ્રતિષ્ઠા થઈ એટલે ખલાસ થઈ ગયું ! બોલી ઊઠે આત્મા. સફળ થાય બધું !

## 'ત્રિમંદિર' એ જગત કલ્યાણની સંજ્ઞા

એટલે પાછળથી આ દેરાસર (મંદિર) બાંધવાનો વિચાર કરેલો. આમ તો હું આશ્રમેય બંધાવવાના વિચારોનો નહીં. મેં તો આશ્રમેય બાંધ્યો નથી. અમે તો ગમે ત્યાં બેસીને સત્સંગ આપીએ.

**પ્રશ્નકર્તા :** જૈન ધર્મ તો આશ્રમ બાંધવાની ના જ પાડે છે ને ?

**દાદાશ્રી :** હા, પણ એને માટે એ બરોબર છે. એટલે આશ્રમની વિરુદ્ધ અમે. આ મંદિરોને માટે આ બધી સંજ્ઞા થઈ એટલે બંધાયું છે. જગત કલ્યાણ માટેની સંજ્ઞા છે અમારી !

નહીં તો હું તો ઈંટ ચોડવાવાળો માણસ જ ન્હોય. આ જે ચોડેલી છે એ જ નકામી ચોડી લોકોએ. પણ આમાંથી આ જે ફસામણ કહો કે ગમે તે કહો, પણ આ ફસામણ ઊભી થઈ ગઈ. બાકી અમે તો ઈંટ ચોડીએ એવા માણસ જ નહીં.

પછી જોડે જોડે વિચારેય એવા આવ્યા કે આ સીમંધર સ્વામીનું દેરાસર થઈ જાય તો સારું. એ લોકોના હિતનું છે. સીમંધર સ્વામીના અહીં લોકો જેટલા દર્શન કરશે ને, એટલું વિશેષ ફળદાયી

થઈ પડશે. કારણ કે આ હાજર તીર્થંકર કહેવાય. બહુ હેલ્પફુલ !

એટલે આ ઈંટ ચોડવાનો વખત અત્યારે અમારે આવ્યો. નહીં તો અમારા જ્ઞાનમાં ઈંટ ચોડવાનો વખત જ હતો નહીં !

એટલે કેટલાક લોકો એમ કહે કે દાદાય આ પ્રમાણે મંદિર બંધાવવામાં ચાલ્યા ! પણ અમે હવે આવા સંજોગોમાં મૂકાયા.

## છૂટે મતાર્થ, તો આવે આત્માર્થ

એટલે મંદિર છેવટે અમારે ફરજિયાત બાંધવું પડ્યું, આ મતાર્થ જવા માટે ! ત્યાં ત્રણ મંદિર બંધાય છે. આ સીમંધર સ્વામીનું, જે જીવતા છે તેમના માટે બંધાય છે. કૃષ્ણ ભગવાન જીવતા છે, એમનું બંધાય છે અને 'શિવ' એટલે કલ્યાણ સ્વરૂપ જ્ઞાની, તે પણ જીવતા છે. એટલે ત્રણેય મંદિરો બંધાય છે. બધા લોકો દર્શન કરી જાય. એનાથી આ લોકોનો મતાર્થ બધો જતો રહેશે. એવી આ મૂર્તિઓમાં પ્રતિષ્ઠા કરીશ ! મૂર્તિઓ બોલશે તમારી જોડે ! મૂર્તિઓ વાતો કરશે ! અહીં જે દેવ-દેવીઓ છે, તે ધર્મનું રક્ષણ કરશે.

**પ્રશ્નકર્તા :** મંદિર તો ઘણાંય છે ને, પછી નવું બાંધવાની શી જરૂર ?

**દાદાશ્રી :** આ તો મતાર્થ કાઢવા માટે છે. લોકો આત્માર્થને બદલે મતાર્થમાં પડ્યા છે. એ મતાર્થ નીકળી જાય એટલે આત્માર્થમાં આવી જાય. હિન્દુસ્તાનમાં મતાર્થ ના રહેવો જોઈએ. કૃષ્ણ ભગવાનને જે ભજે, એ સીમંધર સ્વામીને ભજે અને આ બાજુ શિવને ભજે, એવું આ સંકુલ બંધાઈ રહ્યું છે.

**પ્રશ્નકર્તા :** અગાઉ આપે કહ્યું છે, ચોવીસ મંદિર થવાના છે આવા, એ સાચી વાત છે ?

**દાદાશ્રી :** હા.

## આ ઈચ્છા છે 'અમારી'

જગતમાં મતભેદ ઓછા કરી નાખવા છે. મતભેદથી દૂર થશે ને, ત્યારે આ વાત સાચી સમજતા થશે. આ મતભેદો તો એટલા કરી નાખ્યા છે કે આ શિવની અગિયારસ ને આ વૈષ્ણવની અગિયારસ, અગિયારસેય જુદી જુદી ! ત્યાં મેં મંત્રો ભેગા કરી નાખ્યા છે. આ મંત્રો છે તે ભેગા રાખો. કારણ કે મન છે તે હંમેશાં શાંત થવું જોઈએ ને ? તે લોકોએ આ બધા મંત્ર વહેંચી નાખેલા અને આ ભેગું કરીને હું પ્રતિષ્ઠા એવી કરીશ કે લોકોને ધીરે ધીરે મતભેદ બધા વિસારે પડી જાય. આ ઈચ્છા છે અમારી, બીજી કોઈ ઈચ્છા નથી.

## નિષ્પક્ષપાતી ત્રિમંદિરનું નિર્માણ

આ નિષ્પક્ષપાતી ધર્મ છે. આખો અવસર્પિણીકાળ ગયો. અત્યાર સુધી તો મતાર્થમાં ચાલ્યા ! ભગવાન મહાવીરનું શાસન છે, ત્યાં સુધી જ ધર્મ છે. પછી ધર્મનો અંશ રહેવાનો નથી, મંદિર-પુસ્તક કશું જ રહેવાનું નથી. માટે અઢાર હજાર વર્ષ સુધીમાં જો ચેતી જાય અને મતાર્થમાંથી છૂટી જાય અને ઋષભદેવ ભગવાને જેવું નિષ્પક્ષપાતી વલણ કહ્યું હતું, એવું નિષ્પક્ષપાતી વલણ પાછું થાય, તો લોકોનું કલ્યાણ થાય ! કોઈ કોઈને સામસામી વેર-ઝેર ના હોવા જોઈએ. મંત્રો ભેગા બોલે એટલે બધું પહોંચી ગયું. આપણા મનમાં જુદાઈ નથી, તો કશું જુદું છે જ નહીં.

એટલે આ ત્રણેય મંદિરો ભેગા થાય એટલે હિન્દુસ્તાનમાંથી મતાર્થ ઊડી જાય તો શાંતિ થાય ! હું આ માર્ગી છું ને પેલા આ બીજા માર્ગી છું, એ મતાર્થ. ત્યાં લોકો શાંતિ પામશે નહીં. એક પક્ષમાં પડેલો કોઈ સુખી હોતો હશે ?

આ શક્કરિયું ભરહાડમાં મૂક્યું હોય તો કેટલી બાજુથી બફાય ? ચોગરદમથી. એવું આ

લોક ચોગરદમથી બળી રહ્યું છે. તું અમદાવાદમાં, મુંબઈમાં, જા તો ખરો ! અહીં ખંભાતમાં તો ઓછું બફાયેલું છે. અહીં મોહરાજાનું બળ જરા ઓછું છે, તેથી ઓછું બળે. ત્યાં તો મોહરાજાનું બળ જો તો ખરો ! માછલાં તરફડે એમ લોક તરફડી રહ્યું છે, કરોડો રૂપિયા હોવા છતાં ! એટલા માટે આ ઉપાય છે. તમને આમાં કશો વાંધો લાગે છે ? તમે પણ આમાં તમારો મત આપશો ને ? તમારો રાજીપો આપશો ને ?

**પ્રશ્નકર્તા :** હા. હવે સીમંધર સ્વામી સાથે કૃષ્ણ ભગવાન, શિવ ભગવાન પણ મૂક્યા છે ! સીમંધર સ્વામી તો વીતરાગ ગણાય ને ?

**દાદાશ્રી :** હા, વીતરાગ જ ગણાય અને પેલાય છે તે શલાકા પુરુષો છે. સીમંધર સ્વામી તો હયાત છે. એમનો લાભ તો જુઓ ! એમનો લાભ તો આખું જગત લે. બધાંય લાભ લેવાના અને કૃષ્ણ ભગવાન તો વાસુદેવ નારાયણ કહેવાય. નરમાંથી નારાયણ થયેલા હતા એ. એ ત્રેસઠ શલાકા પુરુષોમાં ગણાય. અને જે શલાકામાં આવ્યા ને, એ બધા તીર્થંકર થવાના નક્કી છે, અને પાછા આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે, એ ભાવિ તીર્થંકરો છે. માટે એમના દર્શન કરવા જોઈએ.

ત્રણ પ્રકારના તીર્થંકરો : એક ભૂતકાળના તીર્થંકરો, એક વર્તમાનકાળના તીર્થંકરો અને એક ભવિષ્યકાળના તીર્થંકરો ! એમાં ભૂતકાળના તો થઈ ગયા. એમને સંભારવાથી આપણને પુણ્યફળ થાય. તે ઉપરાંત જેનું શાસન હોય ને, તેમની આજ્ઞામાં રહીએ તો ધર્મ ઉત્પન્ન થાય. એ મોક્ષ ભણી લઈ જનારું બને.

પણ જો કદી વર્તમાન તીર્થંકરને સંભારીએ તો એની વાત જ જુદી ! વર્તમાનની જ કિંમત બધી, રોકડા રૂપિયા હશે તેની કિંમત ! પછી આવશે એ રૂપિયા ભાવિ અને ગયા એ તો ગયા, એટલે રોકડી વાત જોઈએ આપણને ! તેથી રોકડી ઓળખાણ કરાવી આપું છું ને ! અને આ વાતેય બધી રોકડી છે. ધીસ ઈઝ ધી કૅશ બૅંક ઑફ ડિવાઈન સોલ્યુશન ! રોકડું જોઈએ, ઉધાર ના ચાલે. અને ચોવીસ તીર્થંકરનેય આપણે નમસ્કાર કરીએ છીએ ને !

બાકી ચોવીસ તીર્થંકરોને સંયતિ પુરુષો શું કહેતા હતા ? ભૂત તીર્થંકરો કહેતા હતા. ભૂતકાળમાં થઈ ગયેલા તે પણ વર્તમાન તીર્થંકરોને ખોળી કાઢો. ભૂત તીર્થંકરોને ભજવાથી આપણી સાંસારિક પ્રગતિ થાય, પણ બીજું કશું મોક્ષફળ આપે નહીં. મોક્ષફળ તો આજે જે હયાત છે તે આપે.

આ સીમંધર સ્વામી એ વર્તમાન તીર્થંકર છે. એમને માટે તો હિન્દુસ્તાનમાં કોઈ જીવને રાગ-દ્વેષ નથી.

## ત્રિમંદિર એ જાત્રાનું મોટું સ્થાન

એટલે આ બધા ધર્મોનું અહીં આગળ સંકલન કરવામાં આવે છે અને એ મોટામાં મોટું જાત્રાનું સ્થાન થવાનું છે અને તેથી લોકોનું કલ્યાણ થવાનું છે. આ ત્રણ મંદિરોમાં મૂર્તિ જોશો ત્યારે તમને ભવ્યતા લાગશે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કૃષ્ણ ભગવાનની મૂર્તિ ને શિવની મૂર્તિ ને સીમંધર સ્વામીની મૂર્તિ સાથે મૂકવાના છો, બીજા મંદિરમાં એવી રીતે મૂકેલી છે. તો તમે કેમ એવું ડિસાઈડ કર્યું કે આ ત્રણેવ મૂર્તિઓ સાથે મૂકવી, તમને કાંઈ એવો મેસેજ આવ્યો હતો કે કેવી રીતે તમે એવું નક્કી કર્યું ?

**દાદાશ્રી :** એ મેસેજ જ્યારે ઉઘાડો પડશે ને, ત્યારે મેસેજ ખબર પડશે. ત્યાં કૃષ્ણ ભગવાન એમની જોડે બાલાજી, શ્રીનાથજી, આ બાજુ શિવ, ગણપતિ, હનુમાનજી અને અંબાજી માતા, ભદ્રકાળી માતા, સીમંધર સ્વામી, મહાવીર ભગવાન, પછી પાર્શ્વનાથ ભગવાન, અજિતનાથ ભગવાન, ઋષભદેવ ભગવાન

એ બધાં જ્યારે જોવામાં આવશે ત્યારે ખબર પડશે કોઈ અજાયબ વસ્તુ છે !

**પ્રશ્નકર્તા :** એટલે એવો તમને અંદર મેસેજ આવ્યો હતો કે આવી રીતે મંદિર બાંધવાનું ?

**દાદાશ્રી :** એ બધું તે દહાડે પછી જોઈ લેવાનું, બહુ ઊંડા નહીં ઊતરવાનું. નહીં તો બુદ્ધિ આખી રાત પાછી એને ગુણાકાર આમ કરશે ને આને આમ ગુણાકાર કરશે. આખી રાત ગુણાકાર કર્યા કરે.

બુદ્ધિ હંમેશાં ભેદ પાડે, આ અમારું ને તમારું. મતભેદ ઊભા કરે ને પક્ષપાત ઊભા કરે. એવું છે ને, આ તીર્થંકર ભગવાન સીમંધર સ્વામી અત્યારે હયાત છે, એ વર્તમાન તીર્થંકર છે. માટે એમના દર્શન કરવા જોઈએ અને કૃષ્ણ ભગવાનેય હયાત છે અને શિવ તો હયાત હોય છે જ કાયમ, એટલે આ દર્શન કરવા જોઈએ. એનાથી લોકોના જે મતાર્થ છે તે તૂટી જશે.

## મંદિર એટલે કલ્યાણ માટેની સંજ્ઞા

આ મંદિરોને માટે આ બધી સંજ્ઞા થઈ એટલે બંધાયું છે. જગત કલ્યાણ માટેની અમારી સંજ્ઞા છે.

**પ્રશ્નકર્તા :** આ સીમંધર સ્વામીનું દેરાસર બીજે છે ને, તો પછી નવું બાંધવાની શી જરૂર ?

**દાદાશ્રી :** આ બીજે સીમંધર સ્વામીના દેરાસર છે ને, તે બધા લોકોને એક્સેપ્ટ નથી થતા. વીતરાગો બધા લોકોને એક્સેપ્ટ થવા જોઈએ, પક્ષપાતી ના હોવા જોઈએ. એટલે આ સીમંધર સ્વામીનું દેરાસર જે બંધાય છે, તેમાં ચાર મૂર્તિઓ આપણા થઈ ગયેલા તીર્થંકરોની રહેશે. પહેલા ને બીજા - ઋષભદેવ ને અજિતનાથ અને ત્રેવીસમા ને ચોવીસમા - પાર્શ્વનાથ ને મહાવીર. અને સીમંધર સ્વામીની મોટી મૂર્તિ અહીં મહેસાણાના દેરાસર જેવી, બાર ફૂટની અને જોડે છે કૃષ્ણ વાસુદેવનું મંદિર અને આ બાજુ શિવલિંગ.

## અહીં ના જડે, પુદ્ગલનું સ્વામીપણું

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી ભગવાન વિશે એવી કંઈ વાત કરો કે જેથી કરીને અમારા મનમાં શ્રદ્ધા જાગે, કંઈક પ્રેરણા મળે.

**દાદાશ્રી :** એ વર્તમાન તીર્થંકર છે. 'તીર્થંકર' એટલે શું ? જેમને આખા પુદ્ગલનું સ્વામીપણું જ ના હોય ને છૂટાપણું જ હોય. એ પુદ્ગલ શું કરી રહ્યું છે, એ બધું જોયા કરે. અને તે કેવળજ્ઞાન સ્વરૂપે, એમને બધીય એબ્સોલ્યુટ જાગૃતિ હોય. કેવી ?

**પ્રશ્નકર્તા :** એબ્સોલ્યુટ.

**દાદાશ્રી :** એબ્સોલ્યુટ. જાગૃતિ સિવાય બીજું છે નહીં. કેવળજ્ઞાન બીજી વસ્તુ નથી, ખાલી સંપૂર્ણ જાગૃતિ ! સંપૂર્ણ જાગૃતિ, બધું જ જોઈ શકે. હવે જોઈ શકે એટલે આ આપણા લોક શું સમજે છે કે આ આંખથી દેખાય એવું જોતા હશે !

## હાજર છે એ રોકડું ફળ આપે

આ દેરાસર એટલા માટે છે કે જગત સીમંધર સ્વામીને ઓળખી શકે. 'સીમંધર સ્વામી કોણ છે' એ ઓળખી શકે. ઘેર ઘેર સીમંધર સ્વામીના ફોટા પૂજાશે ને આરતીઓ થશે ને ઠેર ઠેર સીમંધર સ્વામીના મંદિરો બંધાશે ત્યારે દુનિયાનો નકશો કંઈ ઓર જ હશે !

સીમંધર સ્વામીના મંદિર થવા જોઈએ તો આ દેશનો બહુ ભલીવાર થાય.

**પ્રશ્નકર્તા :** એ કઈ રીતે ભલીવાર થાય ?

**દાદાશ્રી :** વર્તમાન તીર્થંકર છે એટલે. વર્તમાન તીર્થંકરના પરમાણુ ફરતા હોય. વર્તમાન તીર્થંકરનો બહુ લાભ થાય.

સીમંધર સ્વામી જે વર્તમાન તીર્થંકર છે, તેને મૂર્તિરૂપે ભજે. એમ માનો ને કે ભગવાન મહાવીર હોત, એમના વખતમાં આપણે હોત તો અને એ આ બાજુ વિહાર કરતા કરતા આવી શકે નહીં, આપણાથી ત્યાં જવાય નહીં, તો આપણે અહીં 'મહાવીર, મહાવીર' કરીએ, તો આપણને એટલો જ લાભ છે ને ! લાભ ખરો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** ખરો. હું ઘેર બેસીને સીમંધર સ્વામીને યાદ કરું ને મંદિરે જઈને યાદ કરું, એમાં ફરક ખરો ?

**દાદાશ્રી :** ફરક પડે.

**પ્રશ્નકર્તા :** કારણ કે પેલી પ્રતિષ્ઠા કરેલી છે, પ્રાણપ્રતિષ્ઠા કરી છે એટલે ?

**દાદાશ્રી :** પ્રતિષ્ઠા કરેલી છે અને ત્યાં આગળ દેવલોકોનું વધુ રક્ષણ ખરું ને ! ત્યાં વાતાવરણ હોય, એટલે અસર વધારે થાય. એ તો તમે દાદાનું મનમાં કરો ને અહીં કરો, એમાં ફેર તો બહુ પડે ને ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તો જીવંત છો.

**દાદાશ્રી :** જેટલા જીવંત આ છે, એટલું જ જીવંત પેલું છે. અજ્ઞાનીઓને આ જીવંત છે, જ્ઞાનીને તો પેલું એટલું જ જીવંત છે. કારણ કે એમાં જે ભાગ દશ્ય છે, એ બધો મૂર્તિ જ છે. મૂર્તિ સિવાય બીજું કશું છે નહીં. પાંચ ઈન્દ્રિયગમ્ય છે, તેમાં અમૂર્ત નામેય નથી. એ બધું જ મૂર્ત છે ને આ મૂર્તિમાં ફેર નથી, ડિફરન્સ નથી. પણ આ મૂર્તિમાં જ્ઞાનીથી પ્રતિષ્ઠા થયેલી છે અને જીવતા ભગવાનની મૂર્તિ છે.

**પ્રશ્નકર્તા :** પણ આપમાં તો અમૂર્ત છે અને ત્યાં મૂર્તિમાં તો અમૂર્ત નથી એમ માને છે ને ?

**દાદાશ્રી :** ત્યાં અમૂર્ત નથી, પણ તેમની પ્રતિષ્ઠા કરેલી હોય છે. તે જેવું જેવું પ્રતિષ્ઠાનું બળ ! આ જ્ઞાનીથી થયેલી પ્રતિષ્ઠાની તો વાત જ જુદી છે ને ! પ્રગટ જ્ઞાનીની વાત જુદી ! પ્રગટ જ્ઞાની ના હોય તો શુંનું શું થાય ?

**પ્રશ્નકર્તા :** અને પ્રગટ જ્ઞાની હોતા જ નથી, ઘણો કાળ તો...

**દાદાશ્રી :** અને એ ના હોય તો ભૂતકાળના તીર્થંકરો, આપણા ચોવીસ તીર્થંકરો તો છે જ ને !

હિન્દુસ્તાનમાં જો ઘેર-ઘેર સીમંધર સ્વામીના ફોટાઓ હોય તો કામ જ થઈ જાય. કારણ કે હયાત છે. વખતે અમારો ફોટો નહીં હોય તોય ચાલશે પણ એમનો રાખજો. ભલે ને, લોકો એમને ઓળખે નહીં ને એમ ને એમ દર્શન કરશે તોય કામ થઈ જશે. આ સીમંધર સ્વામીના ચિત્રપટ બહુ સારા કાઢ્યા છે અને ઠેર ઠેર પહોંચી જશે ને, વૈષ્ણવો-જૈનો બીજે બધે ઘેર પહોંચી જશે તો કામ થઈ જશે. કારણ કે હાજર છે, એ ફળ રોકડું આપે !

## અરિહંતને ઓળખવા બંધાય મંદિર

**પ્રશ્નકર્તા :** અહીંથી સીમંધર સ્વામીના દર્શન થઈ શકે ?

**દાદાશ્રી :** તમારાથી ના થાય. તેનું મીડિયમ (માધ્યમ) જોઈએ ને ? મીડિયમ દાદા ભગવાન થ્રુ થઈ શકે. અગર સીમંધર સ્વામીના દેરાસર (મંદિર) બંધાવે તો થઈ શકે. કારણ કે જીવતા તીર્થંકર છે, હાલ વર્તમાન તીર્થંકર છે. એમનું દેરાસર બાંધે તો દર્શન સીધા થાય. બંધાવવું છે દેરાસર ? એટલા કરોડ રૂપિયા તો હશે નહીં ને તમારી પાસે ? દેરાસર બંધાવે તે શી રીતે બંધાવે ?

**પ્રશ્નકર્તા :** એ તો આ કમાય પછી બંધાવાય, કહે છે.

**દાદાશ્રી :** કમાઈનેય બંધાવે તો સારું. આખું ના બંધાવે તો થોડું બંધાવજે કે ભઈ, આ પગથિયાનો ખર્ચ મારો.

મારો એ જ પ્રોપેગેન્ડા (ભાવ) છે કે તમે તીર્થંકરને જાણો. 'અરિહંત કોણ છે !' એને જાણો તો તમારા દર્દ ઓછા થશે. અરિહંત જ આ દુનિયાના રોગ મટાડે છે, સિદ્ધો ના મટાડે.

**પ્રશ્નકર્તા :** અરિહંત ઉપકારી.

**દાદાશ્રી :** અગર તો મારા જેવા જ્ઞાની પુરુષ એ ઉપકારી. એટલે આ અરિહંતને ઓળખવા માટે તો મોટું મંદિર બંધાય છે.

## અરૂપીને 'અરૂપી'ના દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, તમે સીમંધર સ્વામીને જોયેલા ?

**દાદાશ્રી :** એ જોયેલા પણ સહુ સહુની ભાષા... તમારી ભાષા જુદી હોય, આ લોકો સમજે એ જુદી ભાષા, એ જાણે કે આંખો ઉઘાડીને જોયું હશે ! એવું તેવું ના હોય.

**પ્રશ્નકર્તા :** તો તમે કેવી રીતે જોયા હતા ?

**દાદાશ્રી :** અરૂપીને અરૂપીએ જોયા હોય અહીંથી.

**પ્રશ્નકર્તા :** અરૂપીએ અરૂપીને જોયા ?

**દાદાશ્રી :** એ અરૂપીને જોયા, શી રીતે જોયા ? એ જ્ઞાની પોતે જ જાણે.

**પ્રશ્નકર્તા :** તો અમને જણાવો થોડું.

**દાદાશ્રી :** તમારે તો અત્યારે અનુભવથી સમજવું જોઈએ કે મહીં આત્મા છે, હું આત્મા છું. હજુ તમને એ વેદન થોડું થોડું સમજાય. એમ કરતું કરતું એક દહાડો સમજાશે. અરૂપી છે ને વસ્તુ બધી.

**પ્રશ્નકર્તા :** એટલે સીમંધર સ્વામી અરૂપી છે ?

**દાદાશ્રી :** આત્મા અરૂપી ને સીમંધર સ્વામી પોતે મૂર્તિ છે પણ અહીં અંદર અરૂપીને, પોતે તો મૂર્તિ, શરીર ખરું. પણ એ શરીરને જોઈને શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** એ શરીર તમે જોયેલું ?

**દાદાશ્રી :** એ બધી વાતોમાં ઊંડું ઊતરવાની મજા નહીં. એને લોક જુદી જુદી કલ્પનાઓ કરે, એમાં કલ્પનાઓ કર્યા કરે. એમાં બહુ ઊંડું ઊતરવાનું નહીં. આપણે સંબંધ છે કે નહીં, એટલું પૂછી લેવાનું. એ સંબંધને લઈને આ બધું કામ ચાલે છે. એ હેડ ઑફિસ જોડે આપણે સંબંધ છે.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, આ બુદ્ધિ સવાલ કરે છે કે સવા લાખ વર્ષ તો કેમના હોય માણસને ?

**દાદાશ્રી :** પણ એ બુદ્ધિને કહીએ, 'બેસ બા. હમણે પૂછ પૂછ ના કરીશ.' જુઓ ને, હજુ તો સવા લાખ વર્ષ જીવવાના છે. તેય બુદ્ધિ એક્સેપ્ટ કેમની કરે તે !

**પ્રશ્નકર્તા :** નથી કરતી એટલા માટે પૂછું છું, દાદા.

**દાદાશ્રી :** પણ એને કહીએ કે ચૂપ બેસ. દાદા છે કે નહીં તે જોઈ લે.

**પ્રશ્નકર્તા :** હા, એ તો છે. એ બહુ ચૂપ કરવાનું કહેતો હતો, પછી મેં કહ્યું કે પૂછી જોઉ એકવાર.

**દાદાશ્રી :** ના. હદ બહારની બુદ્ધિ હોય ત્યારે 'ચૂપ બેસ' કહીએ. આ દાદા છે ને, કહીએ.

## તીર્થંકરના દર્શન, સ્વાભાવિક ભાવથી

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામીના આપ દર્શન કરવા જાવ છો, તે આવા ફોટામાં છે એવા જ છે કે બીજા દેખાવમાં છે ?

**દાદાશ્રી :** આ ચિત્રપટને જુઓ છો ને, એમાં

અને પેલામાં ફેરફાર હોય. પણ ચિત્રપટમાં ફેરફાર જોવાનો નથી, આપણે મૂળ વસ્તુ સાથે જોવાનું છે. ચિત્રપટમાં ફેરફાર હોય. અને અમારે દર્શન ફોટાથી નહીં થયેલા, અમારે એમના પોતાના સ્વાભાવિક ભાવથી દર્શન થયેલા. આપણે તો તીર્થંકરના દર્શન કરવા છે, મહીં બેઠા છે એમના ! એમાં આપણે સમજીએ કે આ ભગવાન દેખાય છે, એ કેવળજ્ઞાની છે. મહીં શું સામાન ? ત્યારે કહે, 'કેવળજ્ઞાન,' બસ, આટલું જ ટૂંકું સમજીએ.

## જ્ઞાનીઓથી ત્યાં જવાય, પણ સદેહે નહિ

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી ત્યાં મહાવિદેહમાં છે. આપ તો રોજ દર્શન કરવા જાવ છો, તો એ કઈ રીતે ? એની અમને સમજણ પાડો.

**દાદાશ્રી :** એ અમે જઈએ, પણ અમારે રોજ દર્શન કરવા જઈ શકાય નહિ. અમારે જ્ઞાની પુરુષને અહીંથી (ખભા પરથી) એક લાઈટવાળું અજવાળું નીકળે અને નીકળીને જ્યાં તીર્થંકર હોય ત્યાં જાય, તે પ્રશ્નનું સોલ્યુશન કરીને પછી પાછું આવે. જ્યારે સમજણમાં ફેર પડી જાય ને, કંઈ સમજણમાં ભૂલ થાય ત્યારે પૂછીને આવે. બાકી અમારે જવાય-અવાય નહિ, મહાવિદેહ ક્ષેત્ર એવું નથી !

અમારે સીમંધર સ્વામી સાથે તાર જોઈન્ટ થયેલો છે. અમે બધા પ્રશ્નો ત્યાં પૂછીએ ને એ બધા જવાબ આપી દે. એટલે અત્યાર સુધીમાં અમને લાખો પ્રશ્નો પૂછાયા હશે ને એ બધાના અમે જવાબ આપ્યા હશે. પણ આ બધા સ્વતંત્ર નહીં, જવાબ અમારે બધા ત્યાંથી આવેલા. બધા જવાબ આપી શકાય નહીં ને ! જવાબ આપવો એ કંઈ સહેલી વસ્તુ છે ? એ પાંચ જવાબ ના આપી શકે એકુંય માણસ ! જવાબ આપે ત્યારે હોરા તો વાદવિવાદ શરૂ થઈ જાય. આ તો એક્ઝેક્ટ (યથાર્થ) જવાબ આવે. તેથી સીમંધર સ્વામીને ભજે છે ને !

## મૂર્તિના નહીં, પ્રત્યક્ષના જ દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, આ જે સીમંધર સ્વામીનું આપણે દેરાસર થાય છે ત્યાં મૂર્તિ થશે. હવે એ મૂર્તિના દર્શન મહાત્માઓએ કેવી રીતે કરવાના ?

**દાદાશ્રી :** કેવી રીતે એટલે ?

**પ્રશ્નકર્તા :** એટલે આપે જ્ઞાનની અંદર તો અમૂર્તના દર્શન કરાવ્યા. હવે નિશ્ચયથી અમૂર્ત છીએ ને હવે આ જે મૂર્તિના દર્શન કરવાના, એ દર્શન આ જે બીજા બધા સામાન્ય માણસો દર્શન કરે તે રીતના દર્શન કરવાના કે બીજી કઈ રીતે દર્શન કરવાના ?

**દાદાશ્રી :** ના, એ સામાન્ય માણસો દર્શન કરે એ તો સામાન્ય ભાવે જ હોય એમને તો. એમને સામાન્ય ભાવ જ હોય, એમને જાગૃતિ ના હોય. અને મારા, મારા ફોટાના દર્શન કરતા હશે બધા તે કેવા ભાવથી કરતા હશે ?

**પ્રશ્નકર્તા :** દાદા હાજર છે, એમ સમજીને જ કરેને દર્શન.

**દાદાશ્રી :** આય હાજર છે, બીજું કશું નહીં. હાજર જ છે આ તો. આ મૂર્તિ કહેવાય નહીં. મૂર્તિ ક્યારે કહેવાય ? માણસ અહીંથી ગયા હોય ત્યાર પછી એને મૂર્તિ કહેવાય. આ મૂર્તિ ના કહેવાય. મારા ગયા પછી ફોટા મૂર્તિ કહેવાશે. અને આ (સીમંધર સ્વામી) તો જવાના જ નહીં ને ! હજુ તો કેટલાય કાળ સુધી જવાના નથી. એટલે આમના માટે મૂર્તિનો સવાલ જ નથી રહેતો ને ! ઘણા કાળ સુધી રહેવાના ને ! એમનું પ્રત્યક્ષપણું જાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષપણું એટલે પ્રત્યક્ષના જ દર્શન કરીએ છીએ.

**દાદાશ્રી :** એટલે આપણે તો પ્રત્યક્ષ જ છે

આ ! પ્રત્યક્ષમાંય મૂર્તિ જ હોય છે, આવી જ. આ જે મૂર્તિ છે ને, એવી જ મૂર્તિ હોય છે. પણ પેલું આપણા મનમાં પેલો ભાવ કે ના, આ એ જ છે. એ તો મહીં અંદર જુદા જ છે.

## સાચા દર્શનની રીત

ભગવાનના મંદિરમાં કે દેરાસરમાં જઈને સાચા દર્શન કરવાની ઈચ્છા હોય તો, હું તમને દર્શન કરવાની સાચી રીત શીખવાડું. બોલો, છે ઈચ્છા ?

**પ્રશ્નકર્તા :** હા, છે, શીખવાડો, દાદા. કાલથી જ તે પ્રમાણે દર્શન કરવા જઈશું.

**દાદાશ્રી :** ભગવાનના મંદિરમાં જઈને કહેવું કે 'હે વીતરાગ ભગવાન ! તમે મારી મહીં જ બેઠા છો, પણ મને તેની ઓળખાણ નથી થઈ, તેથી તમારા દર્શન કરું છું. મને આ 'જ્ઞાની પુરુષ' દાદા ભગવાને શીખવાડ્યું છે, તેથી આ પ્રમાણે તમારા દર્શન કરું છું. તો મને મારી પોતાની ઓળખાણ થાય એવી આપ કૃપા કરો.' જ્યાં જાઓ ત્યાં આ પ્રમાણે દર્શન કરજો. આ તો જુદા જુદા નામ આપ્યા. 'રિલેટિવલી' જુદા જુદા છે, બધા ભગવાન 'રિયલી' એક જ છે.

મંદિરમાં જવા નીકળે ત્યારે ધર્મના વિચાર કરતા નથી, દુકાનના વિચાર કરે છે ! કેટલાકને તો રોજ મંદિરે જવાની ટેવ પડી ગયેલી હોય છે. અલ્યા, ટેવ પડી છે, માટે તું ભગવાનના દર્શન કરે છે ? ભગવાનના દર્શન તો રોજ નવા નવા જ લાગવા જોઈએ ને દર્શન કરવા જતી વખતે મહીં ઉલ્લાસ 'ફ્રેશનો ફ્રેશ' જ હોવો જોઈએ.

## ઉપયોગપૂર્વક દર્શનથી મૂર્તિ કરે વાતો

ઉપયોગપૂર્વક કોઈ દર્શન કરવા જતું જ નથી, નહીં તો મૂર્તિ બોલે જ. અલ્યા ! આ ટેપરેકર્ડ બોલે છે ને મૂર્તિ કેમ ના બોલે ? પણ આ તો આ લોકો ટેવથી જ દર્શન કરવા જાય છે. ટેવ પડી ગયેલી છે એટલે જ દર્શન કરવા જાય છે; ઉપયોગપૂર્વક દર્શન કરે તો મૂર્તિ બોલ્યા વગર રહે જ નહીં. આ રાજાના દર્શન કરવા જાય છે, ત્યારે કેટલી બધી પૂર્વ તૈયારી કરીને પછીથી જ દર્શન કરવા જાય છે ને મૂર્તિના દર્શન તો તે ટેવ પડી ગયેલી છે, તેથી જ જાય છે. અમે મૂર્તિના દર્શન કરવા જઈએ છીએ ને મૂર્તિ અમારી જોડે વાતો કરે જ છે.

## દર્શન, બુદ્ધિથી પર છે

**પ્રશ્નકર્તા :** દાદા સીમંધર સ્વામીની ભક્તિ કરતા હશે, એમનો જે તાર જોઈન્ટ થયો છે, એ કેવી જાતનો તાર હશે ? દાદા એ ભક્તિ કેવી રીતે કરતા હશે ત્યાં ?

**દાદાશ્રી :** એની રીત ના હોય.

**પ્રશ્નકર્તા :** એ કેવું દર્શન ?

**દાદાશ્રી :** દર્શન બુદ્ધિથી પર વસ્તુ છે, પછી એની વાત ક્યાં ? વાતો કરે એનો અર્થ જ નથી ને !

**પ્રશ્નકર્તા :** પણ એ શું ? જરાક સમજ પડે ને, થોડુંક...

**દાદાશ્રી :** ના, એ બુદ્ધિથી પર, એટલે સમજાય નહીં. એનો અર્થ જ નહીં ને ! એ તો આપણે થ્રુ (માધ્યમથી) કરવું એટલે ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** નહીં, જરાક એ સ્પષ્ટીકરણ થાય તો ખ્યાલ આવે.

**દાદાશ્રી :** એનું સ્પષ્ટીકરણ એથી વધારે ના હોય. બુદ્ધિથી પર એટલે સ્પષ્ટીકરણ કામમાં જ ના લાગે ને ! અદૃશ્ય જે વસ્તુ કહેવાય. અદૃશ્ય જે અજ્ઞેય વસ્તુ, એનો અર્થ જ નહીં.

## આરતી થાય ત્યાં ભગવાન હાજર

**પ્રશ્નકર્તા :** આપણા મંદિરમાં આરતી કરવાનું પ્રયોજન શું ?

**દાદાશ્રી :** હાલમાં જે ભગવાન બ્રહ્માંડમાં હાજર છે, તેમની આરતી આ બધા કરે છે. તે મારા થ્રુ (માધ્યમ દ્વારા) કરે છે ને હું તે આરતી તેમને પહોંચાડું છું. હું પણ તેમની આરતી કરું છું. દોઢ લાખ વરસથી એ ભગવાન હાજર છે, તેમને પહોંચાડું છું.

આરતીમાં બધા દેવો હાજર હોય છે. જ્ઞાની પુરુષની આરતી સીમંધર સ્વામીને ઠેઠ પહોંચે. દેવલોકો શું કહે છે કે જ્યાં પરમહંસની સભા હોય ત્યાં અમે હાજર હોઈએ. આપણી આરતી ગમે તે મંદિરમાં ગાઓ તો ભગવાનને હાજર થવું પડે.

## બ્રહ્મમુહૂર્તના દર્શન, તુર્ત જ પહોંચે

સવારનું સાડા ચારથી સાડા છ, એ તો બ્રહ્મમુહૂર્ત કહેવાય, ઊંચામાં ઊંચું મુહૂર્ત એ. એમાં જેમણે જ્ઞાની પુરુષને સંભાર્યા, તીર્થંકરોને સંભાર્યા, શાસન દેવ-દેવીઓને સંભાર્યા, તે બધું જ પહેલું એક્સેપ્ટ થઈ જાય બધાંનું. કારણ કે પછી દર્દી વધ્યા ને ! પહેલો દર્દી આવ્યો, પછી બીજો આવે. પછી ભીડ થવા માંડે ને! સાત વાગ્યાથી ભીડ થવા માંડે. પછી બાર વાગે જબરજસ્ત ભીડ હોય. માટે પહેલો દર્દી જઈને ઊભો રહ્યો, એને ભગવાનના ફ્રેશ દર્શન થાય. 'દાદા ભગવાનની સાક્ષીએ સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું' બોલ્યા કે તરત ત્યાં સીમંધર સ્વામીને પહોંચી જાય. તે વખતે ત્યાં કોઈ ભીડ હોય નહીં. પછી ભીડમાં ભગવાનેય શું કરે તે ? માટે સાડા ચારથી સાડા છ, એ તો અપૂર્વ કાળ કહેવાય. જેની જુવાની હોય, તેણે તો આ છોડવું ના જોઈએ.

## સ્વામીનું કરશો ત્યાં, તમારું આવી ગયું

અહીંયાં તમે સીમંધર સ્વામીનું જેટલું કરશો, એટલામાં બધું તમારું આવી ગયું. એટલું બહુ થઈ ગયું. એમાં એવું નથી કે આ ઓછું છે. એમાં તો તમે જે (આપવા માટે) ધાર્યું હોય એ બધું કરો, એટલે બધું થઈ ગયું. પછી આથી વધારે કરવાની જરૂર નથી. પછી દવાખાના બાંધો કે બીજું બાંધો. એ બધું જુદે રસ્તે જાય. એય પુણ્ય ખરું પણ સંસારમાં જ રાખે અને આ પુણ્યાનુબંધી પુણ્ય, જે મોક્ષે જવા હેલ્પ કરે !

મંદિર માટે જો લક્ષ્મી કાઢો તોય જ્ઞાનના જેવી આ, કારણ કે સીમંધર સ્વામીને માટે છે. પુસ્તકો દાન આપો તેના કરતાંય વિશેષ વધે એવું. હા, સીમંધર સ્વામીને માટે જે કંઈ કરવામાં આવે એની વાત જુદી. ગણતરી જ થાય એવી નથી. ચોવીસ તીર્થંકરોની મૂર્તિ પણ એ ગયા તે તીર્થંકરો, જ્યારે આ હાજર તીર્થંકર કહેવાય. હાજર તીર્થંકરની આપણે અહીં મૂર્તિ કે મંદિરો પહેલેથી બનાવતા નથી. આપણા ભારત દેશમાં પારસનાથ (પાર્શ્વનાથ) હાજર હતા, તે ઘડીએ એમનું મંદિર થયેલું.

**પ્રશ્નકર્તા :** એટલે એ જ્યાં સુધી એમનો દેહ છે અને વિચરે છે ત્યાં સુધી હેલ્પ કરે ?

**દાદાશ્રી :** હા, હજુ બાકી હોય એટલું આયુષ્ય પૂરું થશે ત્યાં સુધી લોકોને લાભ થશે અને આપણે પ્રતિષ્ઠાયે એવી સરસ કરીશું. એટલે લોકોનું કલ્યાણ થવાનું.

**પ્રશ્નકર્તા :** લાભ થાય એટલે શું થાય, આ જીવોમાં જાગૃતિ ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** ધર્મને રસ્તે ચડી જાય. સારો સત્ ધર્મ, મોક્ષનો રસ્તો જડી જાય.

જાગૃતિ ને બધું જ વધે. ઊંચામાં ઊંચી ચીજ મળ્યા કરે પણ મારી ભાવના છે કે હિન્દુસ્તાન આ સ્થિતિમાં ન રહેવું જોઈએ. લોકો આ સ્થિતિમાં ના રહેવા જોઈએ.

## પૂજાવાની કામના છૂટે તો ઉકેલ આવે

હિન્દુસ્તાનમાં મહાત્માઓએ મને કહ્યું કે 'અમારે મંદિરમાં તમારી મૂર્તિ મૂકવી છે.' મેં કહ્યું,

'ના, મૂર્તિ મૂકવાની નહીં. હું મૂર્તિ મૂકાવીશ તો પાછળવાળાને ફાવતું આવી ગયું. એટલે એમના પછી એય મૂકાવડાવે.' કોઈ ફરી પાછો બીજો મૂકાવતો જાય એ રીતે.

એટલે હું અહીંથી કાપી નાખું તો પછી વાંધો-ભાંજગડ નહીં ને ! પછી લાલચ ના રહે ને ! પછી એ કેમની એની મૂર્તિ મૂકાવડાવે ?

**પ્રશ્નકર્તા :** મૂળ ધ્યેય ચૂકી જવાય.

**દાદાશ્રી :** એટલે મારી મૂર્તિ મૂકવાની જરૂર નથી. હું તો મૂર્ત જ છું, જ્યારે જુઓ ત્યારે. આ મૂર્તિ તો બધા આગળના લોકોની મૂકેલી. સાચા પુરુષો, મૂળ પુરુષો, જેની આપણા લોકોએ મૂર્તિ મૂકી. અને મારી પછી તો શું થશે ? પછી તો પ્રથા ચાલશે કે મારા પછી જે હોય ને, એ પછી દાદાની મૂકે, એટલે મેં કહ્યું છે કે મારી મૂર્તિ મૂકવી હોય તો સીમંધર સ્વામીની સામે હું આમ કરીને (પગે લાગતા) બેસી રહ્યો હોઉં તેવી મૂર્તિ મૂકજો.

**પ્રશ્નકર્તા :** મૂર્તિ મૂકવી જ પડે એવું હોય તો એવી કરાવાય તો ખરી ને ?

**દાદાશ્રી :** તો તેનો વાંધો નહીં. એટલે લોકોને થાય કે આ દાદાને પૂજાવાની કામના નથી, પૂજવાની કામના છે. આ સીમંધર સ્વામી પૂજવા માટે છે અને એમને પૂજવાનું છે, એ બતાવે છે !

હું તો બહુ બહુ પૂજાયેલો છું. અનંત અવતારથી ધરાઈ ગયો છું, પૂજાઈ પૂજાઈને ! એ મારી કોઈ જાતની ભીખ નથી રહી. એ તો એક જાતની ભીખ છે માનની, પૂજાવાની કામના ! આ બધી કામના છોડીએ, તો જ એનો ઉકેલ આવે.

## ભાવના, ભાવિ પ્રજાને ઉગારવા

સીમંધર સ્વામી જીવતા તીર્થંકર છે એટલે એમની મૂર્તિની હિન્દુસ્તાનમાં ખાસ જરૂર છે. સીમંધર સ્વામીના આપણા દેરામાં (ત્રિમંદિરમાં) જે મૂર્તિઓ છે એટલી બધી હેલ્પફુલ છે, એટલી ઉત્તમ વસ્તુ છે.

આ કાળમાં જો પ્રગટ જ્ઞાની પુરુષ ના હોય તો સેકન્ડ નંબરે કયું ? ત્યારે કહે, સીમંધર સ્વામીના દર્શન (મૂર્તિના).

એટલે આ સીમંધર સ્વામીનું દેરાસર બંધાય છે, એ વ્યવહાર છે. ભવિષ્યની પ્રજાને ઉગારવા માટે છે આ. અને આ સીમંધર સ્વામી પોતે છે, ત્યાં સુધી એ હેલ્પફુલ છે. અને આ તો આપણે જે કરીએ છીએ, એ તો ઈટ હેપન્સ છે ! 'ઈટ હેપન્સ' થઈ રહ્યું છે ! સીમંધર સ્વામીને ભજીએ તો હિન્દુસ્તાનમાં ફેરફાર થાય, નહીં તો ફેરફાર કેમનો થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, હિન્દુસ્તાનમાં હમણાં જોઈએ તો હળહળતો કળિયુગ છે.

**દાદાશ્રી :** તે છોને રહ્યું હળહળતું ! આ બધું
જ્યાં સુધી સીમંધર સ્વામી રાજી છે, જ્યાં
દેવલોકો બધા રાજી છે, ત્યાં શું બાકી રહે ?

## મહાત્માઓ જવાના મહાવિદેહે ?

**પ્રશ્નકર્તા :** તો બધા મહાત્માઓ મહાવિદેહ ક્ષેત્રમાં જવાના ને ?

**દાદાશ્રી :** કેટલાકને અહીં આવીને પછી જવાનું થાય, એકાદ અવતાર કરીને ! મહીં હિસાબ બધો પડ્યો હોય લોકોનો, તે બધો આપી દેવો પડે ને ! બંધ પડ્યો હોય તે પૂરો કરવાનો. દસ-પંદર વર્ષનો હિસાબ પતાવવાનો બાકી હોય તે પતાવીને પછી જવાના. હિસાબ તો ચૂકવવો પડે ને વચ્ચે ! આ જ્ઞાન લેતા પહેલાં એવું કંઈક ખરાબ કર્મ બાંધી લીધું હોય, તે દંડ થયેલો હોય, તે દંડ તો ભોગવવો જ પડે ને આપણે ! તે ભોગવી લઈને છૂટો, એક અવતારનો દંડ.

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન લીધા પછી કોઈ રખડી પડે ખરો ?

**દાદાશ્રી :** ના રખડી પડે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી કોઈ કાયમને માટે રખડી પડે ?

**દાદાશ્રી :** ના. પણ જ્ઞાન પામે નહિ અને પછી અવળું ચાલે, બધાનું અવળું બોલ બોલ કરે, તો ઠેકાણું નથી પછી !

**પ્રશ્નકર્તા :** જેટલા લોકો સીમંધર સ્વામીના દર્શન કરે, એ બધા પછી મોક્ષે જાય ને ?

**દાદાશ્રી :** એ દર્શન કરવાથી મોક્ષે જાય એવું કશું હોતું નથી. એમની કૃપા પ્રાપ્ત થવી જોઈએ. હૃદય ચોખ્ખું થાય, પછી એમની કૃપા ઉતરતી જાય. આ તો સાંભળવા માટે આવે અને કાનને બહુ મીઠું લાગે. એટલે સાંભળીને પછી પાછા હતા ત્યાંના ત્યાં. એને તો ચટણી ને ચટણી ગમતી હોય. આખો થાળ ના જમે, એક ચટણી સારું જ થાળમાં બેસી રહ્યો હોય.

**પ્રશ્નકર્તા :** તો અમે અહીંયાથી સીમંધર સ્વામીના દર્શન કરીએ મહાવિદેહ ક્ષેત્રમાં જઈને તો પછી અમારો મોક્ષ થાય કે નહીં ?

**દાદાશ્રી :** એ તો થાય જ ને ! કારણ કે તમે તો આ જ્ઞાન લીધેલું છે ને, એટલે મહાવિદેહ ક્ષેત્રમાં જાવ એટલે પછી ત્યાં સંજોગો ભેગા થઈ જાય તો રાગે પડી જાય. કારણ કે તમારે જે બે-ત્રણ કે ચાર અવતાર રહેવાના છે બાકી કે જે અમારી આજ્ઞા આપી છે તેના ફળરૂપે રહેવાના અને પુણ્ય હોય જબરજસ્ત એટલે અહીંથી જતા જ બંગલો બાંધવો પડે નહીં, એ તૈયાર થયા પછી બંગલાવાળાને ત્યાં જન્મ થાય ભઈનો. પુણ્યશાળીને કશું મહેનત કરવાની ના હોય. મહેનત તો બિચારા પેલા મા-બાપ કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** હવે જેણે 'જ્ઞાન' લીધું, એને મોક્ષે જવું હોય, સીમંધર સ્વામીના દર્શન કરવા ત્યાં આગળ પહોંચવું હોય, તો એણે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** કશુંય કરવાનું નહીં. આજ્ઞા અમારી પાળે. આજ્ઞા જ મોક્ષે લઈ જશે. કશું જ કરવા જેવું નથી. અને આજ્ઞા પાળો છો તે સીમંધર સ્વામીનો સંજોગ ભેગો થાય જ. એય ખોળવાનો ના હોય.

આ જ્ઞાન લીધા પછી આ અવતાર જ મહાવિદેહ ક્ષેત્ર માટે તમારો ઘડાઈ રહ્યો છે. મારે કંઈ કરવાની જરૂર નથી. એ નેચરલ (કુદરતી) નિયમ જ છે.

## આજ્ઞા પાળવાના પરિણામો

**પ્રશ્નકર્તા :** મહાવિદેહ ક્ષેત્રમાં કેવી રીતે જવાય ? પુણ્યથી ?

**દાદાશ્રી :** આ અમારી આજ્ઞા પાળે તેનાથી આ ભવમાં પુણ્યૈ બંધાઈ જ રહી છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં લઈ જાય છે. આજ્ઞા પાળવાથી ધર્મધ્યાન થાય છે, તે બધું ફળ આપશે. પુણ્યૈ બંધાય છે, અમારી આજ્ઞા પાળે છે એટલા પૂરતી. તે પછી ત્યાં આગળ તીર્થંકરની પાસે ભોગવવી પડશે.

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી અમારા મહાત્માઓના કચરા જેવા આચાર છે, તે જોઈને અમને ત્યાં સંઘરશે ખરા ?

**દાદાશ્રી :** તે ઘડીએ આવા આચાર નહિ રહે. અત્યારે તમે જે મારી આજ્ઞા પાળો છો, તેનું ફળ તે વખતે આવીને ઊભું રહેશે ને અત્યારે જે કચરો માલ છે તે મને પૂછ્યા વગર ભર્યો હતો, તે નીકળે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, સીમંધર સ્વામીને યાદ કરવાથી, સીમંધર સ્વામી પાસે જવાય એવું નક્કી થાય ખરું ?

**દાદાશ્રી :** જવાનું એ તો નક્કી હોય જ.

એમાં નવું નથી પણ સતત યાદ રહેવાથી બીજું કંઈ નવું મહીં પેસે નહિ. દાદા યાદ રહ્યા કરતા હોય કે તીર્થંકર યાદ રહ્યા કરતા હોય તો માયા ઘૂસે નહિ ! અત્યારે અહીં માયા ના આવે.

## સીમંધર સ્વામી ભગવાન એ ફુલ મૂન

અનાદિ કાળથી, એટલે લાખો અવતાર થઈ ગયા, તે અમાસ હતી. 'નો મૂન' ! અનાદિ કાળથી (અજ્ઞાનરૂપી) 'ડાર્કનેસ'માં (અંધારામાં) જ જીવે છે બધા. (જ્ઞાનરૂપી) અજવાળું જોયું જ નથી. મૂન (ચંદ્ર)(પ્રકાશ) જોયો જ નથી ! તે અમે આ જ્ઞાન આપીએ છીએ એટલે મૂન પ્રગટ થાય છે. તે પહેલું બીજના જેવું અજવાળું આવે. અને આખુંય જ્ઞાન આપીએ ત્યારે મહીં પ્રગટ થાય. કેટલું ? બીજના ચંદ્રમા જેટલું જ. પછી આ અવતારમાં પૂનમ થાય ત્યાં સુધી આપણે કરી લેવું. પછી બીજની ત્રીજી થાય, ચોથ થાય, ચોથની પાંચમ થાય.... ને પૂનમ થઈ જાય એટલે કમ્પ્લિટ (પૂર્ણ) થઈ ગયો !

**પ્રશ્નકર્તા :** ફૂલ મૂન (પૂર્ણ દશા) આ જ જન્મમાં થઈ જશે ને ?

**દાદાશ્રી :** ના, આ જ જન્મમાં પૂરું થાય એવું નથી. પણ પછી એક અવતાર થાય, તે બિલકુલ જાહોજલાલીવાળો ! સીમંધર સ્વામીની પાસે જ બેસી રહેવાનું. કારણ કે અમે ફૂલ મૂન (પૂનમ) નથી, ફોરટીન્થ (ચૌદશ) છે અને સીમંધર સ્વામી ભગવાન, એ ફૂલ મૂન છે. ત્યાં સુધી ઈન્ટ્રીમ (મધ્યવર્તી) ગવર્નમેન્ટ અને પછી ફૂલ ગવર્નમેન્ટ ! સ્વતંત્ર ! નોટ ડિપેન્ડન્ટ ! ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર) !

પછી આગળ આપણે બહુ જરૂર નથી. આપણી કોલેજ એથી આગળનો ભાગ નથી. આપણી કોલેજમાં છેલ્લું વર્ષ બાકી રહી જાય છે, એટલે નકામી આગલી માથાકૂટ ક્યાં કરવાની ?

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, અમને છેલ્લી ડિગ્રી ગમે તે ભવમાં આપી દેજો.

**દાદાશ્રી :** એ તો ડિગ્રી જ આપી દેવાની. અત્યારે છેલ્લું વર્ષ બાકી રહ્યું. તે આ (સીમંધર સ્વામી) ભગવાન પાસે જઈને, ત્યાં આગળ પૂરું થવાનું.

## શુદ્ધાત્મા લક્ષથી પહોંચાય મહાવિદેહ ક્ષેત્રે

જેને અહીં શુદ્ધાત્માનું લક્ષ બેઠું હોય, તે અહીં આગળ ભરત ક્ષેત્રમાં રહી શકે જ નહીં. જેને આત્માનું લક્ષ બેઠેલું હોય, તે મહાવિદેહમાં જ પહોંચી જાય એવો નિયમ છે ! અહીં આ દુષમકાળમાં રહી શકે જ નહીં. આ શુદ્ધાત્માનું લક્ષ બેઠું તે મહાવિદેહ ક્ષેત્રમાં એક અવતાર કે બે અવતાર કરી, તીર્થંકરના દર્શન કરીને મોક્ષે ચાલ્યો જાય. એવો સહેલો-સરળ માર્ગ છે આ ! અમારી આજ્ઞામાં રહેજો. આજ્ઞા એ ધર્મ અને આજ્ઞા એ તપ ! ફાઈલોનો સમભાવે નિકાલ કરવાનો હોય. એ બધી જે આજ્ઞાઓ કહી છે એમાં જેટલું રહેવાય એટલું રહે. જો પૂરેપૂરું રહે તો ભગવાન મહાવીર જેવું રહી શકે ! આ રિયલ ને રિલેટિવ તમે જોતા જોતા જાવ, તમારું ચિત્ત બીજી જગ્યાએ ના જાય પણ ત્યારે હોરું મનમાંથી કંઈ નીકળ્યું હોય તો તમે ગૂંચાઈ જાવ.

આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી અમારી પાંચ આજ્ઞા પાળે તો, ભગવાન મહાવીર જેવો અહીં રહી શકે એમ છે ! અમે પોતે જ રહીએ છીએ ને ! જે રસ્તે અમે ચાલ્યા છીએ એ રસ્તો જ તમને બતાવી દીધો છે ને જે ગુંઠાણું અમને મહીં પ્રગટ થયું છે તે ગુંઠાણું તમારુંય થયું છે !

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી વાણી, તમારી સરસ્વતીથી અમે સ્પર્શ પામીએ અને તમારા શુદ્ધ ચેતનની સાક્ષીએ અમે સીમંધર સ્વામીને નમસ્કાર પહોંચાડીએ.

**દાદાશ્રી :** અમે તમને જ્ઞાન આપીએ ને, તે અમે ત્યાં તમારા શુદ્ધાત્મામાં બેસી જઈએ છીએ.

એટલે તમારા નમસ્કાર પહોંચી જ જાય છે. જેને જ્ઞાન મળ્યું, જે આજ્ઞામાં રહ્યો, એનું પહોંચી જ જાય. પછી આજ્ઞા ઓછી-વત્તી પળાય એ જુદી વસ્તુ છે. તોય પણ આજ્ઞા પાળે છે ને ? કોઈને પ્રમાણ જરા ઓછું હોય.

આ જ્ઞાન પછી હવે તમને કર્મ બંધાય નહીં. કર્મ કરતો હતો, તે કરનારો જ છૂટી ગયો હવે. એટલે કર્મ બંધાય નહિ. એટલે સંવર જ રહેશે નિરંતર. સંવરપૂર્વક નિર્જરા થયા કરે. ફક્ત એક અવતાર કે બે અવતારના કર્મ બંધાશે. તે મારી આજ્ઞા પાળવાને લીધે. અને તે તો તમને અહીંથી સીમંધર સ્વામીની પાસે જ જવું પડશે. મહાવિદેહ ક્ષેત્રમાં જ તમને ખેંચી લેશે. કારણ કે આર્તધ્યાન-રૌદ્રધ્યાન બંધ થાય તે અહીંયા આ ક્ષેત્રમાં રહી શકે નહીં. એને મહાવિદેહ ક્ષેત્ર જ ખેંચી લે. કોઈ લઈ જનારો નથી, ક્ષેત્ર જ ખેંચે !

## આજ્ઞા પાળે, એની જવાબદારી અમારી

અમારે સીમંધર સ્વામી જોડે સંબંધ છે. અમે બધા મહાત્માઓની મોક્ષની જવાબદારી લીધી છે. અમારી આજ્ઞા જે પાળશે, તેની અમે જવાબદારી લઈએ છીએ.

આ જ્ઞાન પામ્યા પછી એક અવતારી થઈ અને સીમંધર સ્વામી પાસે જઈને ત્યાંથી મોક્ષે ચાલ્યો જાય. કોઈને બે અવતાર પણ થાય, પણ ચાર અવતારથી વધારે તો ના જ થાય, જો અમારી આજ્ઞા પાળે તો. અહીં જ મોક્ષ થઈ જાય. 'અહીં એક ચિંતા થાય તો દાવો માંડજો' એમ કહીએ છીએ. આ તો વીતરાગ વિજ્ઞાન છે ! ચોવીસ તીર્થંકરોનું ભેગું વિજ્ઞાન છે !

## 'ત્રિમંદિર' એ અમૂર્તનું દેરાસર

મૂર્તિ એ તો અમૂર્તનું કૉઝ છે, માટે મૂર્તિના અવશ્ય દર્શન કરવા.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે, તે એમની મૂર્તિ અહીં મૂકવાની છે. જીવતાની મૂર્તિ હોય એ કેટલું બધું ફળ આપે ! સીમંધર સ્વામીનું મંદિર એ અમૂર્તનું મંદિર છે.

એમનું ચિત્રપટ કે મૂર્તિ બધું કામ કરે. એટલે આપણા મહાત્માઓએ ત્યાં દર્શન જ કર્યા કરવાના, સામે બેસી રહેવાનું. તમે સીમંધર સ્વામી પાસે બેસી રહો, એ મૂર્તિ પાસે બેસી રહો ને, તોય હેલ્પ થાય.

હું હઉ બેસી રહું છું ને ! નહીં તો મારે એમનું શું કામ હતું ? મોક્ષ મને મળી ગયો છે તોય હું બેસી રહ્યો છું. કારણ કે હજુ એ ઉપરી છે. એમના દર્શન કરીએ, એ કોના દર્શન ? મોક્ષ સ્વરૂપના. દેહ સાથે જેનું સ્વરૂપ મોક્ષ છે. એમના દર્શન કરે ત્યારે મોક્ષ થાય, નહીં તો મોક્ષ થાય નહીં.

## સીમંધર સ્વામી, દાદાનાય દાદા

અમે અહીં આગળ દેખાઈએ છીએ ખરા,પણ સીમંધર સ્વામીના સામે જ બેસી રહીએ છીએ. અને ત્યાં આગળ તમને દર્શન કરાવીએ છીએ. આપણે ઓળખાણ એમની, સીમંધર સ્વામી આપણા દાદાનાય દાદા. શું કહ્યું ? દાદાનાય દાદા. છેલ્લું જોઈએ ને ? આપણે તો જેની ખપ છે, તેની જરૂર છે.

એટલે કેમ લાગે છે તમને ? લાગે છે સીમંધર સ્વામી ભેગા થશે એવું ? ત્યાં જ જવું પડશે. એમની પાસે જ છુટકારો છે. છેલ્લા દર્શન એ કર્યા કે છુટકારો. જ્ઞાનીના દર્શન સુધી પહોંચ્યા પણ હવે છેલ્લા દર્શન એ કરવા પડે ત્યારે છુટકારો. બધી સહીઓ થઈ ગઈ, આ છેલ્લી સહી બાકી રહી. જ્ઞાનીની સહી થાય એટલે જાણવું કે સેફસાઈડ થઈ ગઈ હવે. કાયમને માટે સેફસાઈડ થઈ ગઈ. પણ જો છૂટવું હોય તો છેલ્લી સહી કરાવો ત્યારે.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારે તો હવે સ્ટેશન નજીક આવતું જાય છે.

**દાદાશ્રી :** હા, નજીક આવે ને ! બધું નજીક જ આવવાનું છે ને ! આપણે તો તેની તે જ જગ્યાએ હોય, સ્ટેશન જ નજીક આવે ને ! આપણે તો ગાડીમાં બેઠેલા હોય તેની તે જ જગ્યાએ પણ સ્ટેશન નજીક આવતું જાય, એવું તમનેય આ નજીક આવતું જાય.

## અરિહંતની પ્રતિકૃતિથી જ પમાય

તમે એક અવતારમાં પણ ત્યાં જઈ શકો અને એમના દેહને તમે હાથ પણ અડાડી શકશો.

**પ્રશ્નકર્તા :** હા, દાદા. અમને ચાન્સ મળશે ને ?

**દાદાશ્રી :** બધોય મળવાનો. કેમ ના મળે ? સીમંધર સ્વામીના નામની તો તમે બૂમો પાડો (આરાધના કરો) છો. સીમંધર સ્વામીના નામના તમે નમસ્કાર કરો છો. ત્યાં તો આપણે જવાનું જ છે, એટલા હારુ આપણે એમને કહીએ છીએ કે 'સાહેબ ! તમે ભલે ત્યાં બેઠા, અમને નથી દેખાતા, પણ અહીં તમારી અમે પ્રતિકૃતિ કરીને પણ અમે તમારી પાસે (તમારા) દર્શન કર્યા કરીએ છીએ.' એ બાર ફૂટની મૂર્તિ મૂકીને પણ આપણે એની પાસે (એના) દર્શન કરીએ, મોઢેથી સંભારીએ પણ એ મૂર્તિ જીવતાની પ્રતિકૃતિ હોય તો સારું પડે. જે ગયા એની સહી કામ લાગતી જ નથી, તેની પ્રતિકૃતિ કરીને શું કામ ? આ સીમંધર સ્વામી તો કામ લાગે. આ તો અરિહંત ભગવાન !

**પ્રશ્નકર્તા :** બરોબર. હવે છેવટે સીમંધર સ્વામીના દરબારમાં અમે પહોંચ્યા, તો ત્યાં તે સમયે આ પૂર્ણ શુદ્ધ થઈ જાય ?

**દાદાશ્રી :** આ એવું છે ને કે આ દાદાનામાં જે આ દર્શન દેખાય છે, એ છેલ્લા સ્ટેશનના આગલા સ્ટેશનનું દર્શન દેખાય છે. કેવું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલે ત્યાં સુધી ગાડી પહોંચાડી દે, પછી આગળ જાય નહીં. તે સીમંધર સ્વામીના દર્શન થાય એટલે પૂર્ણાહુતિ થઈ ગઈ, બસ ! એમના દર્શન જ કરવાની જરૂર, કે મોક્ષનો સિક્કો વાગી ગયો કમ્પ્લીટ. અહીં વીઝા અમે કાઢી આપીએ તો પેલા દર્શન થાય, નહીં તો થાય નહીં.

**પ્રશ્નકર્તા :** પણ મહાવિદેહ ક્ષેત્રમાં જઈને પછી સીમંધર સ્વામીના દર્શન મળે જ એવી શી ગેરન્ટી ?

**દાદાશ્રી :** એ નિયમથી જ મળે. કારણ કે અહીંથી જ ઓળખાણ કરી રાખી છે ત્યાં. રોજ સીમંધર સ્વામીનું જ ગાયા કરો છો. અને હવે મંદિર થયા પછી રોજ દર્શન કરવા... કો'ક કો'ક દહાડો જશો ને ? આખા વર્ષ દહાડામાં એકાદ ફેરો દર્શન કરવા જશો ને ? એટલે અહીંથી જ ઓળખાણ કરી છે, અને ફોટા તો ઘેર રાખો જ છો. એટલે અહીંથી ઓળખાણ રાખીએ તો ત્યાં ભેગા એ જ થાય ને, બીજું કોઈ થાય નહીં.

**પ્રશ્નકર્તા :** તો પણ દાદાની ગેરન્ટી ખરી ?

**દાદાશ્રી :** હા, ગેરન્ટી એની, એની બધી ગેરન્ટી ! આ તો બધો ગેરન્ટીવાળો જ છે માલ. તમે જો વાંકા થાવ તો બગડી જાય. તમે જો સીધા, મારા કહ્યા પ્રમાણે તો કશોય વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ વાંકા થઈએ તો સીધા કરી નાખજો, એ તમારી જવાબદારી.

**દાદાશ્રી :** હા... કરવાના છે.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૩ થી ૧૫ સપ્ટેમ્બર :** નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસીય સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. આજુબાજુના રાજ્યોમાંથી ૬૦૦ મુમુક્ષુઓ-મહાત્માઓ આવ્યા હતા. બે દિવસના સત્સંગ ટોપિક હતા : ૧) 'પ્રાર્થના પ્રાપ્ત કરવાયે પરમાર્થ' ૨) નિંદા-ટીકા કે જોખિમ.' પૂજ્યશ્રીએ સ્થાનિક મહાત્માઓ સાથે મોર્નિંગ વોક અને સેવાર્થી મહાત્માઓ સાથે સત્સંગ કરી સૌને દર્શનનો અને સાથે ભોજન પ્રસાદ લેવાનો લાભ આપ્યો હતો. ૧૫મી તારીખે યોજાયેલ જ્ઞાનવિધિમાં ૭૬૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**૧૭ થી ૧૯ સપ્ટેમ્બર :** દક્ષિણ ભારતમાં બેંગ્લોર ખાતે પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. કચ્છી પાટીદાર સમાજ ભવનમાં કાર્યક્રમનું આયોજન અને તે અગાઉ થયેલ સત્સંગ પ્રચાર થકી ઘણા બધા કચ્છી પટેલ મુમુક્ષુઓ આત્મજ્ઞાનની અનુભૂતિ માટે આવ્યા હતા. બહારગામથી ૧૫૦ જેટલા મુમુક્ષુઓ-મહાત્માઓ આવ્યા હતા. પ્રથમ દિવસે 'દુખ દેવાય છે ત્યાં પ્રતિક્રમણની આવશ્યકતા' ટોપિક પર પૂજ્યશ્રીનો સત્સંગ થયો હતો તેમજ મુમુક્ષુઓએ મુંઝવતા પ્રશ્નો પુછ્યા હતા. જ્ઞાનવિધિમાં ૯૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું, જેમાં મોટાભાગના કચ્છી પટેલ સમાજના હતા. અમુક કન્નડભાષી મુમુક્ષુઓએ પણ હતા. પૂજ્યશ્રી સ્થાનિક મહાત્માઓ સાથે મોર્નિંગ વોક, સેવાર્થી સત્સંગ બાદ વ્યક્તિગત માર્ગદર્શન આપી સેવાર્થીઓની હાજરીમાં પ્રસાદ લીધો હતો. જ્ઞાનવિધિ બાદ બીજા દિવસે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં પણ ૩૦૦ જેટલા મહાત્માઓ આવ્યા હતા.

**૨૦ થી ૨૩ સપ્ટેમ્બર :** બે વર્ષના સમયગાળા બાદ પૂનામાં સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ૧૦૦૦થી વધુ મુમુક્ષુઓ-મહાત્માઓ કાર્યક્રમનો લાભ લેવા આવ્યા હતા. 'વિવેક-વિનય,વ્યવહારમેં' અને 'નૌ કલમેં' ટોપિક પર પૂજ્યશ્રીના સત્સંગની પછી બે દિવસ મુમુક્ષુઓએ ખૂબ પ્રશ્નો પૂછ્યા હતા, જેમાં મોટા ભાગના મરાઠીભાષીઓના હતા. અહીંયા પણ સ્થાનિક મહાત્માઓને પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક, સેવાર્થી સત્સંગ, દર્શન સાથે ભોજનપ્રસાદનો લહાવો મળ્યો હતો. જ્ઞાનવિધિમાં ૧૫૫૦ જેટલા મુમુક્ષુઓએ આત્મજ્ઞાનની અનુભૂતિ કરી હતી. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં ૧૦૦ જેટલા મહાત્માઓ જ્ઞાનની વધુ સમજ માટે આવ્યા હતા.

**૨૬ થી ૨૮ સપ્ટેમ્બર :** આ વખતે સેફ્રોની મહેસાણાને બદલે અપરિણીત બહેનોની વાર્ષિક શિબિર પૂજ્યશ્રીની હાજરીમાં અડાલજ ત્રિમંદિર સંકુલમાં યોજાઈ. જેમાં કુલ ૪૫૭ બહેનોએ ભાગ લીધો. શિબિરમાં બ્રહ્મચર્ય પુસ્તક પર પારાયણ, વિષય દોષોને વધુ વિગતવાર ઓળખવા માટે સ્પેશિયલ ટોપિક પર સત્સંગ, તેમજ 'સેવામાં સિન્સીયારિટી' એમ ત્રણ ટોપિક પર પૂજ્યશ્રીના સત્સંગ થયા. આ સાથે બ્રહ્મચર્યને વધુ પુષ્ટિ મળી રહે તે હેતુથી પૂજ્યશ્રી હાજરીમાં એક નવા મિશનની શરૂઆત કરાઈ. જે આવતી સાલ ૨૦૨૦ સુધી ચાલશે. શિબિર દરમ્યાન પૂજ્યશ્રીની હાજરીમાં ગરબા, આરતી, ઈન્ફોર્મલ દર્શન વગેરે સેશનમાં બહેનોને ખૂબ આનંદ અનુભવ્યો. સાથે સાથે ધ્યેય મજબૂત કરવામાં ખૂબ પુષ્ટિ મળી.

**૨૯ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર :** અપરિણીત ભાઈઓની શિબિર પણ અડાલજ ત્રિમંદિર સંકુલમાં યોજાઇ, જેમાં ૪૮૦ યુવાન સાધકોએ ભાગ લીધો. પ્રથમ દિવસે સાંજે બ્રહ્મચર્ય (પૂ.)પુસ્તક પર પારાયણ થયું હતું. બીજા દિવસે સવારે 'માનેલા અપમાનથી થતી નેગેટિવિટી' ટોપિક પર તથા સાંજે ગ્રીન પાસધારક સાધકો માટે પૂજ્યશ્રીની સ્પેશિયલ સત્સંગ સેશન થઈ. રાત્રે પૂજ્યશ્રીએ સાધકોની હાજરીમાં ડિનર લીધું હતું અને સાધકો દ્વારા સ્પેશિયલ ટોપિક પર ભજવાયેલ નાટક સાધકો સાથે નિહાળ્યું હતું. ત્રીજા દિવસે સવારે 'શું જોઈએ છે ? શું સુખી થયા ?' ટોપિક પરનો સત્સંગ થયો હતો. સાંજે નવતર પ્રયોગ તરીકે દાદાશ્રીની બ્રહ્મચર્યની જ્ઞાનવાણી સંભળાવવામાં આવી હતી અને તેની પર પૂજ્યશ્રીએ વિશેષ છણાવટ કરી હતી. ચોથા દિવસે આપ્તપુત્રો સાથે અલગ-અલગ ગ્રુપમાં ગ્રુપ ડિસ્કશન અને સાંજે આપ્તપુત્ર સત્સંગ થયો હતો. તે સિવાય શિબિર દરમિયાન ચરણવિધિ, બ્રહ્મચર્ય ડીવીડી, ટોપિક પર એક્ટિવિટી, ગરબા, ભાવનાની સામાયિક વિગેરે પણ યોજાયા હતા. ચાર દિવસની શિબિર ભરવાથી સાધકોમાં જાગૃતિ અને બ્રહ્મચર્યની સમજમાં વૃદ્ધિ થઈ હતી. બ્રહ્મચર્ય સત્સંગોની નવી ડીવીડીઓનું પણ વિમોચન પૂજ્યશ્રીના હસ્તે થયું હતું.

**૧ થી ૨ ઓક્ટોબર :** નવરાત્રિ ઉત્સવ દરમ્યાન અડાલજ ત્રિમંદિર સંકુલ ખાતે ATPLના સેક્ટર-૪માં યોજાયેલ ગરબામાં પૂજ્યશ્રી પધાર્યા હતા અને મહાત્માઓને દર્શન આપ્યા હતા. પહેલી તારીખે દાદાઈ ગરબાની સીડીના ગાયક કલાકારો દ્વારા લાઈવ પરફોર્મન્સ રાખવામાં આવ્યું હતું. બીજી તારીખે દાદાઈ ગરબાની ચાર નંબરની નવી ઓડિયો સીડી પર સહુ મહાત્માઓએ ગરબા કર્યા હતા. પૂજ્યશ્રીની હાજરીમાં મહાત્માઓ તાળીઓના તાલે રમઝટ જમાવી ઝૂમી ઊઠ્યા હતા. અંતે અંબા માતાજીની આરતી કરવામાં આવી હતી.

**લાઈવ ટેલિકાસ્ટ નિહાળો 'અરિહંત' ટીવી પર ગુજરાતીમાં અને 'સાધના' ટીવી પર હિન્દીમાં**

**મુંબઈ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા અને પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૨મો જન્મજયંતી મહોત્સવ**

**૭ થી ૧૧ નવેમ્બર,** દરરોજ સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ અને સાંજે ૬-૩૦ થી ૯

---

**પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર**

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦; બપોરે ૨ થી ૨-૩૦; રાત્રે ૧૦ થી ૧૦-૩૦
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ સવારે ૩-૩૦ થી ૪-૩૦, દરરોજ બપોરે ૨-૩૦ થી ૩, દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हररोज़ सुबह 7 से 7-30, हररोज़ सुबह 9 से 9-30, शाम 6-30 से 7
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हररोज़ सुबह 7 से 8, शनि से बुध रात 9-30 से 10 (हिन्दी में)
- **'उड़ीसा प्लस'** टीवी पर हररोज़ सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-चंदना** पर सोम और शुक्र शाम 7-30 से 8 (कन्नड़ में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8 से 8-30 (हिन्दी में) EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ (ગુજરાતીમાં)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE** ● **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8 से 8-30 (हिन्दी में) EST

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨; **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અમદાવાદ

**૨૨-૨૩ નવેમ્બર** (શુક્ર-શનિ), સાંજે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૨૪ નવેમ્બર** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૨૫ નવેમ્બર** (સોમ), સાંજે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, પૂજન બંગ્લોઝની સામે, શુકન બંગલો ચાર રસ્તા પાસે, નિકોલ. **સંપર્ક :** ૯૩૨૭૦૮૧૦૭૫

### વિજાપુર

**૨૬ ને ૨૮ નવેમ્બર** (મંગળ ને ગુરુ), સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૨૭ નવેમ્બર** (બુધ), સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ** **સંપર્ક:** ૯૮૭૯૨૨૭૨૨૭

**સ્થળ :** રામબાગ રાધાકૃષ્ણ મંદિર, ટી.બી. હોસ્પિટલ રોડ, વિજાપુર (જિ. મહેસાણા).

### પૂજ્યશ્રીના સાંનિધ્યમાં કચ્છ અને જામનગરના મહાત્માઓ માટે ઝોનલ શિબિર

**૫ ડિસેમ્બર** (ગુરુ), સાંજે ૬ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ** તથા **૬ ડિસેમ્બર** (શુક્ર), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૬ થી ૮ ડિસેમ્બર** (શુક્ર - રવિ) - **સત્સંગ શિબિર**

**સ્થળ :** ત્રિમંદિર, હિલ ગાર્ડનની પાછળ, મણીભદ્રનગર, એરપોર્ટ રોડ, **ભુજ**.

**નોંધ :** શિબિરમાં ભાગ લેવા માટે પોતાના સેન્ટર દ્વારા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. **સંપર્ક :** ૯૪૨૬૦૨૩૬૦૦

### મોરબી

**૧૦ ડિસેમ્બર** (મંગળ), સાંજે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૧ ડિસેમ્બર** (બુધ), સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**૧૨ ડિસેમ્બર** (ગુરુ), સાંજે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** સરદાર સોસાયટી ૧, સત્કાર પાર્ટી પ્લોટ પાછળ, કંડલા-રાજકોટ બાયપાસ. **સંપર્ક :** ૯૯૭૮૯૦૨૮૩૪

### રાજકોટ

**૧૩-૧૪ ડિસેમ્બર** (શુક્ર-શનિ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧૫ ડિસેમ્બર** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૧૬ ડિસેમ્બર** (સોમ), સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** પારિજાત પાર્ટી પ્લોટ, શીતલ પાર્ક BRTS બસ સ્ટોપ, ૧૫૦ ફિટ રિંગ રોડ. **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

### અડાલજ ત્રિમંદિર

**૨ ડિસેમ્બર** (સોમ) - **પૂજ્ય નીરુમાના જન્મના ૭૫ વર્ષની પૂર્ણાહુતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

સવારે ૭-૩૦ થી ૯ - **પ્રાર્થના-આરતી** તથા રાત્રે ૮-૩૦ થી ૧૦ - **પૂજ્યશ્રી સત્સંગ**

**૨૧ થી ૨૮ ડિસેમ્બર - આપ્તવાણી-૧૪ (ભાગ-૧)** ગ્રંથ પર **સત્સંગ પારાયણ** (પેજ-૧૬૧થી)

**૨૯ ડિસેમ્બર** (રવિ) - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**સૂચના :** (૧) પારાયણમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં અને જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિરના ફોન નં. ૯૯૨૪૩૪૮૮૮૦, ૯૩૨૮૬૬૧૧૪૪ ઉપર (સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૭) પર ૮ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. (૨) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા રહેશે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

**૪ જાન્યુઆરી** (શનિ), સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૫ જાન્યુઆરી** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

### કોલકાતા

**૧૪ જાન્યુઆરી** (મંગળ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૫ જાન્યુઆરી** (બુધ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** વિદ્યા મંદિર સ્કૂલ, મોઈરા સ્ટ્રીટ, મિન્ટો પાર્ક પાસે, કોલકાતા. **સંપર્ક :** ૯૪૯૯૫૫૮૧૮૩

### સમ્મેત શિખર

**૨૨ જાન્યુઆરી** (બુધ), બપોરે ૨-૩૦ થી ૬ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** સત્સંગ ગ્રાઉન્ડ, નિહારિકા ભવનની સામે, પોસ્ટ - શિખરજી, જિ. ગિરિડીહ. **સંપર્ક :** ૯૪૯૯૫૫૮૧૮૩

# મુંબઈ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા તથા પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૨મો જન્મજયંતી મહોત્સવ

| તારીખ | સમય | કાર્યક્રમ | સ્થળ |
|---|---|---|---|
| **૭ નવેમ્બર** | સવારે ૧૦ થી ૧૨-૩૦ | સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| | સાંજે ૬-૩૦ થી ૮ | સાંસ્કૃતિક કાર્યક્રમ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| | સાંજે ૮ થી ૯ | સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| **૮ નવેમ્બર** | સવારે ૯-૩૦ થી ૧૨ | પ્રાણપ્રતિષ્ઠા | ત્રિમંદિર |
| | સાંજે ૬-૩૦ થી ૯ | સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| **૯ નવેમ્બર** | સવારે ૯-૩૦ થી ૧૨ | પ્રાણપ્રતિષ્ઠા | ત્રિમંદિર |
| | સાંજે ૬-૩૦ થી ૯ | સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| **૧૦ નવેમ્બર** | સવારે ૯ થી ૧૨ | પ્રાણપ્રતિષ્ઠા | ત્રિમંદિર |
| | સાંજે ૬-૩૦ થી ૯ | સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| **૧૧ નવેમ્બર** | સવારે ૮ થી ૧, | જન્મજયંતી નિમિત્તે | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| | સાંજે ૫ થી ૮ | વિશેષ પૂજન-દર્શન-ભક્તિ | |
| **૧૨ નવેમ્બર** | સવારે ૧૧ થી ૧૨-૩૦ | આપ્તપુત્ર સત્સંગ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |
| | સાંજે ૫-૩૦ થી ૯ | જ્ઞાનવિધિ | ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ |

**મહોત્સવ સ્થળ :** ચીકુવાડી પ્લે ગ્રાઉન્ડ, કાંતિપાર્ક રોડ, સેઈન્ટ રોક્સ કોલેજ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

**ત્રિમંદિર સ્થળ :** ત્રિમંદિર, ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ).

**રજિસ્ટ્રેશન, ઉતારા અને ભોજન માટે :** ચીકુવાડી ગરબા ગ્રાઉન્ડ (પ્રમોદ મહાજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ), ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ. **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧-૨-૩

*<u>સૂચનાઓ :-</u>*

૧. મહાત્મા ભાઈઓના ઉતારા ગ્રાઉન્ડની વિગત પાછળથી Akonnect અને સેન્ટરો દ્વારા આપવામાં આવશે. ભાઈઓ માટે **ચીકુવાડી ગરબા ગ્રાઉન્ડ**થી ટેન્ટ ઉતારા સ્થળે જવા-આવવા માટે ફ્રી ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા રહેશે.

૨. આગમન વખતે, રજિસ્ટ્રેશન માટે તેમજ ભોજન માટે બધાએ **' ચીકુવાડી ગરબા ગ્રાઉન્ડ'** પર આવવાનું રહેશે. જેમને ઉતારો કે જમવાની વ્યવસ્થા નથી જોઈતી, તેઓ સીધા **'ચીકુવાડી પ્લે ગ્રાઉન્ડ'**માં જઈ શકે છે.

૩. તા. ૮-૯-૧૦ નવેમ્બરે - પ્રાણપ્રતિષ્ઠામાં સવારે પાસ પ્રમાણે, જેમના વારા હશે એમને જ મંદિર પરિસરમાં પ્રવેશ મળશે. આ પાસનું કાઉન્ટર રજિસ્ટ્રેશન કાઉન્ટરની પાસે હશે (ગરબા ગ્રાઉન્ડમાં), ત્યાંથી પાસ મેળવવાના રહેશે. જેમનો વારો ન હોય તેઓએ **'ચીકુવાડી પ્લે ગ્રાઉન્ડ'**ના સત્સંગ હોલમાં લાઈવ જોવાનો રહેશે.

૪. જન્મજયંતીના દર્શન શહેર / જિલ્લા પ્રમાણે (ICARD પ્રમાણે) ગોઠવાશે. સહુને ICARD લઈને આવવા વિનંતી છે. (મોબાઈલમાં Akonnect ICARD પણ ચાલશે.) જેમની પાસે ICARD નથી, એમના માટે દર્શન છેલ્લે થશે.
વ્હીલ ચેર (શારીરિક તકલીફવાળા) માટે સાંજે ૫ વાગે વ્યવસ્થા રહેશે (જાહેરાત પ્રમાણે).

૫. મહોત્સવ દરમિયાન ત્રિમંદિરે બધા માટે દર્શનનો સમય આ પ્રમાણે રહેશેઃ તા. ૮-૯-૧૦ બપોરે ૨ થી રાત્રે ૯ વાગે તા. ૧૧ નવેમ્બરે આપ્તપુત્રો-આપ્તપુત્રીઓ દ્વારા આશરે સવારે ૧૦ વાગ્યે મંદિર દ્વાર ઓપનીંગ થશે. ત્યારબાદ રાત્રે ૯ વાગ્યા સુધી ત્રિમંદિરે દર્શન કરી શકાશે.

૬. પાર્કિંગની જગ્યા સીમિત હોવાથી મહાત્માઓને બહારગામથી પોતાના અંગત વાહન લઈને **ન** આવવા ભલામણ છે.

નવેમ્બર ૨૦૧૯
વર્ષ-૨૫, અંક-૩
સળંગ અંક-૨૦૧



Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## છેવટે મોક્ષ સ્વરૂપી તીર્થંકરના દર્શનથી મુક્તિ

સીમંધર સ્વામીની મૂર્તિ પાસે બેસી રહો ને, તોય હેલ્પ થાય. એમનાં દર્શન કરે ત્યારે મોક્ષ થાય, નહિ તો મોક્ષ થાય નહિ. એમનાં દર્શન કરીએ, એ કોનાં દર્શન ? મોક્ષ સ્વરૂપનાં. દેહ સાથે જેનું સ્વરૂપ મોક્ષ છે. અમારો સિક્કો માર્યા પછી તીર્થંકર એકલાને જોવાના રહ્યાં ! અને એ જુએ એટલે મુક્તિ ! તીર્થંકર, વીતરાગ, છેલ્લી દશામાં દર્શન કર્યા એટલે મુક્તિ ! બીજુ બધું તો અહીં આગળ જ્ઞાની પુરુષે તૈયાર કર્યું. હવે પેલાં વરખ ચોંટાડનારા રહ્યા ! મીઠાઈ કોણ કરે ને વરખ કોણ ચોંટાડે ? આ સીમંધર સ્વામી ભગવાન આખા વર્લ્ડનું કલ્યાણ કરશે, કારણ કે એ જીવતા છે.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છાપી પ્રકાશિત કર્યું.